GJAN130003262022

| રજુ કર્યા તારીખ : | ૧૬/૦૬/૨૦૨૨ | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૬/૦૬/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ : | ૧૮/૦૮/૨૦૨૬ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૨ | ૦૨ |

**ખંભાતના મહે. એડીશનલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની અદાલતમાં**

**સેશન્સ કેસ નં. ૦૯/૨૦૨૨**
**આંક : ૭૩**

**ફરીયાદી:–** ધી સ્ટેટ ઓફ ગુજરાત

**વિ રૂ ઘ્ધ.....**

**આરોપી :– કાળુભાઈ ઉર્ફે રાજુ મણીભાઈ હરીજન, ઉ.વ.૨૬,**
રહે. હાલ આદરૂજ પ્રતાપસંગ અભેસંગ વાઘેલાના
ખેતરમા આવેલ ઓરડીમાં,
મુળ. પરીઅજ ભાથીજી મંદિર સામે,
તા. માતર, જી.ખેડા.

**ગુન્હો :– ઈ.પી.કો. કલમ – ૩૦૨ મુજબ...**

––––––––––––––––––––––––––––––
ફરિયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી જે.એસ.ગઢવી.
આરોપીપક્ષે વિ. વકીલશ્રી એસ.એ.શેખ
––––––––––––––––––––––––––––––

# -:: ચુકાદો ::-

(૧) આ કામના આરોપી વિરુધ્ધ તારાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરિયાદ આધારે, **ગુ.ર.નં. ૧૧૨૧૫૦૨૯૨૧૦૨૨૫,/૨૦૨૧ થી ઈ.પી.કો. કલમ - ૩૦૨** વિગેરે મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સેશન્સ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત :**

(૨) આ કામના આરોપીએ તા.૧૨/૦૬/૨૦૨૧ ના રોજ રાતના બારેક વાગ્યાના સુમારે મોજે જગદિશભાઈ બાબુભાઈ સોલંકી, રહે. આદરૂજ નાઓના સીમ સર્વે નં.૧૮૪ વાળા ખેતરના શેઢા ઉપર આવેલ આંબાના ઝાડ નીચે આરોપી તથા મરણ જનાર બેઠેલ તે વખતે આરોપીએ મરણજનારને પોતાની બહેન ગૌરીબેન સળગીને મરી ગયેલ તે બાબતે મેણાટોણા મારવા બાબતે આરોપી તથા મરણજનાર વચ્ચે ઝઘડો થતાં આરોપી એકદમ ગુસ્સે થઈ મરણજનારને પકડીને નીચે ઉંધો પાડી દઈ ઉપર બેસી જઈ પોતાની પાસેના હાથ રૂમાલથી મરણજનારના ગળે જોરથી ટુંપો આપી મોત નીપજાવી **ઈ.પી.કો. કલમ-૩૦૨** વિગેરે મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને કમીટલ કાર્યવાહી :**

(૩) ઉપરોકત ફરીયાદના આધારે આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, જરૂરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહી અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા તેઓશ્રીએ ખંભાતના એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં

ચાર્જશીટ રજૂ કરેલ. પરંતુ આરોપી **કાળુભાઈ ઉર્ફે રાજુ મણીભાઈ હરીજન,** ઉ.વ.૨૬, રહે. હાલ આદરૂજ પ્રતાપસંગ અભેસંગ વાઘેલાના ખેતરમા આવેલ ઓરડીમાં, મુળ. પરીઅજ ભાથીજી મંદિર સામે, તા. માતર, જી.ખેડા સામે આક્ષેપીત ગુન્હાઓ સેશન્સ ટ્રાયેબલ હોય જેથી તેઓ ધ્વારા કેસ કમીટ કરી સેશન્સ અદાલત ખંભાતને મોકલી આપેલ હતો અને તેને **સેશન્સ કેસ નં. ૦૯/૨૦૨૨** આપવામાં આવેલ હતો. ત્યારબાદ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેથી અદાલતમાં સદર કેસ ટ્રાન્સફર થઈ આવેલ.

**(૪)** ત્યારબાદઆરોપીને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને મારા પુરોગામી અધિકારીશ્રી ધ્વારા પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, **આંક–૦૪** થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી, સંભળાવી, સમજાવતાંઆરોપીએ પોતાના **આંક–૦૫** ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકિલ રોકી કરવા માં ગતા હોવાનું જાહેર કરેલ હતું અને તેથી ત્યારબાદ આ કામ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**(૫)** ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

## <u>મૌખિક પુરાવા</u> :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | ડો.સોહનલાલ દેવીલાલજી ધકરોલીયા ની જુબાની | મેડીકલ ઓફીસર | ૦૭ |
| ૨. | મહેન્દ્રસિંહ માધવસંગ રાઓલ | પંચ સાહેદ | ૧૨ |
| ૩. | મહીપતસિંહ અમરસિંહ વાઘેલા | પંચ સાહેદ | ૧૪ |
| ૪. | બહાદુરસિંહ હરીસિંહ સોલંકી | પંચ સાહેદ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| ૫. | રાજુભાઈ બાબુભાઈ રાવળ | પંચ સાહેદ | ૧૮ |
| ૬. | જયંતિભાઈ બુધાભાઈ હરીજન | પંચ સાહેદ | ૨૦ |
| ૭. | રમેશભાઈ ઈશ્વરભાઈ હરીજન | પંચ સાહેદ | ૨૩ |
| ૮. | ઠાકોરભાઈ નાનુભાઈ તળપદા | પંચ સાહેદ | ૨૫ |
| ૯. | ફરીદખાન વજીરખાન પઠાણ | પંચ સાહેદ | ૨૬ |
| ૧૦. | વલ્લભભાઈ ભીખાભાઈ હરીજન | પંચ સાહેદ | ૨૯ |
| ૧૧. | રમેશભાઈ રતીલાલ પરમાર | પંચ સાહેદ | ૩૧ |
| ૧૨. | જલ્પાબેન રતીલાલ ઠકકર | સાયન્ટીફીક ઓફીસર | ૩૩ |
| ૧૩. | મગનભાઈ વેલાભાઈ રબારી | નિવૃત વિસ્તરણ અધિકારી | ૩૬ |
| ૧૪. | ભાઈલાલભાઈ અંબુભાઈ હરીજન | સાહેદ | ૪૧ |
| ૧૫. | રાધેશ્યામ નાગરભાઈ વિરાણી | પો.ઈ. એન્ટીકરપ્શન બ્યુરો | ૪૩ |
| ૧૬. | સિધ્ધરાજસિંહ ફતેસંગ વાઘેલા | સાહેદ | ૬૩ |
| ૧૭. | પ્રતાપસિંહ અભેસિંહ વાઘેલા | સાહેદ | ૬૪ |

## <u>દસ્તાવેજી પુરાવા</u> :-

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મેડીકલ ઓફીસરને પી.એમ.રીપોર્ટ તેમજ કોઝ ઓફ ડેથ સર્ટી. આપવા કરેલ યાદી | ૦૮ |
| ૨. | ફોરવડીંગ લેટર | ૦૯ |
| ૩. | પી.એમ. નોટ | ૧૦ |
| ૪. | ઈન્કવેસ્ટ પંચનામુ | ૧૩ |
| ૫. | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૫ |
| ૬. | મરણ જનારના કપડાનુ પંચનામુ | ૧૯ |
| ૭. | આરોપીના કપડાનુ તથા શરીરસ્થિતીનુ પંચનામુ | ૨૧ |

| | | |
|---|---|---|
| ૮. | કાયદાના પુરાવાની કલમ–૨૭ નુ પંચનામુ | ૨૨ |
| ૯. | આરોપીને અટક કર્યાનુ પંચનામુ | ૨૭ |
| ૧૦. | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૩૪ |
| ૧૧. | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા કરેલ યાદી | ૩૭ |
| ૧૨. | ગુનાવાળી જગ્યાનો ફોરવડીંગ લેટર | ૩૮ |
| ૧૩. | ગુનાવાળી જગ્યાનો નકશો | ૩૯ |
| ૧૪. | ફરીયાદ | ૪૪ |
| ૧૫. | મે.એકઝીકયુટીવ મેજી.સાહેબને લાશનુ ઈન્વેસ્ટ ભરવા કરેલ યાદી | ૪૫ |
| ૧૬. | મરણોતર ફોર્મ | ૪૬ |
| ૧૭. | મેડીકલ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ | ૪૭ |
| ૧૮. | આરોપીના બ્લડ સેમ્પલ સીલ કરવા કરેલ યાદી | ૪૮ |
| ૧૯. | મુદામાલ રવાનગી નોંધ | ૪૯ |
| ૨૦. | મુદામાલ પાવતી | ૫૦ |
| ૨૧. | લાશ સોપ્યાની પહોંચ | ૫૧ |
| ૨૨. | સુચીપત્ર | ૫૨ |
| ૨૩. | પંચોની સહીવાળી સ્લીપો | ૫૩,૫૪,૫૫, ૫૬,૫૭,૫૮, ૫૯ |
| ૨૪. | ફરીયાદીના મરણનો દાખલો | ૬૦ |

(૬) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં વિ. જીલ્લા સરકારી વકિલ શ્રીએ **આંક– ૭૧** થી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા અંગે તા.૨૭–૦૩–૨૦૨૬ ના રોજ પુરશીશ રજૂ કરેલી. ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્ર ો.કોડ ની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ

છે અને વિશેષમાં તેઓએ જણાવેલ છે કે," અમો તહોમતદાર ગરીબ અને કાયદાના અજ્ઞાત માણસ છીએ. અમો તહોમતદાર મહેનત મજુરી કરી અમારૂ ગુજરાન ચલાવતા હતા અમો તહોમતદારે કહેવાય તેવો કોઈ ગુનો કરેલ નથી. અમો તહોમતદાર ને ખોટી રીતે સંડોવેલા છે અમો તહોમતદાર બેકસુર અને નિદોર્ષ માણસ છીએ. અમો તહોમતદાર સામે ખોટી ફરીયાદ કરી અમો તહોમતદાર સામે ખોટું ચાર્જશીટ કરેલ છે અમો તહોમતદારને નિદોર્ષ છોડી મુકવા મહે. કરશોજી."

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. જીલ્લા સરકારી વકિલ શ્રી જે.એસ.ગઢવી હાજર થઈ તેની મોખીક દલીલ કરી જણાવે છે કે, સદર કામે આંક–૪૪ વાળી ફરીયાદ અંબુભાઇએ આપેલી પરંતુ ટ્રાયલ સમયે તેઓ ગુજરી ગયેલ હોય જેથી તેમની જુબાની થઇ શકેલ નથી.સદર કામે આંક–૧૪ થી આંક–૩૧ સુધીના તમામ પંચોને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલા છે. તેમજ સાહેદ નં.૧ તરીકે આંક–૦૭ થી ડો. સોહનલાલ દેવીલાલજી ધકરોલીયા કે જેઓએ આંક–૦૭ ની જુબાનીમા મરણજનારનુ પી.એમ કરેલ અને આંક–૧૦ થી પી.એમ રીપોર્ટ રજુ કરેલ છે અને પી.એમ રીપોર્ટમા મૃત્યુનુ કારણ મરણજનારનો શ્વાસ રૂધાવાના કારણે થયેલ હોવાનુ જણાવેલ છે. તેમજ આર્ટીકલ નં.૦૭ થી રજુ રૂમાલ પણ તેઓ ઓળખી બતાવે છે. સાહેદ નં.૧૨ તરીકે આંક–૩૩ થી જલ્પાબેન રતીલાલ ઠકકર કે જેઓ એફ.એસ.એલ ઓફીસર છે અને ગુનાવાળી જગ્યાનુ સ્થળપરીક્ષણ કરેલ અને આંક–૩૪ થી સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરેલ છે. તેમજ આર્ટીકલ નં.૨ અને ૩ કંટ્રોલ માટીને ઓળખી બતાવે છે. સાહેદ નં.૧૩ તરીકે આંક–૩૬ થી મગનભાઇ વેલાભાઇ રબારી કે જેઓ વિસ્તરણ અધિકારી છે અને તેઓએ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ અને આંક–૩૭ તે નકશો રજુ કરેલ છે.સાહેદ નં.૧૪ તરીકે આંક–૪૧ થી ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજન અંબુભાઇ હરીજન તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે બનાવ બાબતે ફોન આવેલો ભાનુભાઇ ઉર્ફે

ભલો અંબુભાઇનુ મર્ડર થયેલ છે જેથી તેઓ ઉંટવાડા આવેલ.કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજને મારાભાઇ ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇનુ મર્ડર કરેલ. તેવુ તેમની સરતપાસમા જણાવે છે અને તેમની ઉલટતપાસ ધ્યાને લઇએ તો તેમા જણાવે છે કે, આરોપીએ ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇના ખુનની હીસ્ટ્રી પ્રતાપભાઇને કહેલ અને પ્રભાતભાઇએ ભાઇલાલાભાઇના પિતા અંબુભાઇને તેની હાજરીમા કહેલ. સાહેદ નં.૧૭ તરીકે આંક-૬૪ થી પ્રતાપસિંહ અભેસંગ અભેસિંહ વાઘેલા જેઓ આરોપીએ જ મરણજનારને મારેલ છે તે વાત ને સમર્થન આપે છે. અને સાહેદ નં.૧૪ ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજન અંબુભાઇ હરીજનની જુબાનીને સમર્થન આપે છે. પ્રતાપસિંહ અભેસંગ સ્વતંત્ર સાહેદ છે જેની સામે આરોપીએ ગુનાની કબુલાત આપેલ ત્યારે આરોપી પોલીસ કસ્ટડીમા ન હતો.સાહેદ નં.૧૬ તરીકે આંક-૬૩ થીસિધ્ધરાજસિંહ ફતેસંગ  ફતેસંગ વાઘેલા કે જયારે આરોપીએ પ્રતાપસિંહ અભેસંગ સમક્ષ ગુન્હાની કબુલાત કરેલ ત્યારેસિધ્ધરાજસિંહ ફતેસંગ  પણ ત્યાં હાજર હતો અને તે સાહેદ પણ પ્રતાપસિંહ અભેસંગની વાતને સમર્થન કરે છે.આથી સાહેદ નં.૧૬ અને ૧૭ સ્વતંત્ર સાહેદ છે તેઓને આરોપી સાથે કોઇ તકરાર કે વેરઝેર હોય કે ફરીયાદીના સગા પણ થતા નથી. જેથી તેમની સામેની કબુલાત ન માનવાને કોઇ કારણ નથી. તેમજ આંક-૪૪ વાળી ફરીયાદ થી પણ બનાવની હકીકતને સમર્થન મળેલ છે. જેથી ફરીયાદપક્ષ સ્વતંત્ર સાહેદોના આધારે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો ઇ.પી.કો કલમ-૩૦૨ પુરવાર કરવામા સફળ થયેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**(૮) આંક-૬૭ થી આરોપી તર્ફે તેમના વિ.વકીલશ્રી દવારા લેખીત દાલીલો રજુ કરેલ છે. તે મુજબ સદર કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબ દર્શાવેલ છે.**

(૧) તા.૧૧/૮/૨૦૨૧ થી ફો.કે.સ.નં. ૬૩૩/૨૦૨૧ થી ચાર્જશીટ થયેલ ત્યારબાદ સે.કે.નં. ૯/૨૦૨૨ થી સેંસન્સ કોર્ટમાં કમીટ થવા પામેલ જે ચાર્જશીટના આક્ષેપો જોતા :

ગુન્હો ઈ.પી.કો કલમ ૩૦૨ મુજબ તે એવી રીતે કે જણાવેલ આરોપીએ તા.૧૨/૦૬/૨૦૨૧ ના રોજ રાતના બારેક વાગ્યાના સુધારે મોજે જગદીશભાઈ બાબુભાઈ સોલંકી રહે. આદરૂજ નાઓના સીમ સર્વે નંબર ૧૮૪ વાળા ખેતરના શેઢા ઉપર આવેલ આંબાના ઝાડ નીચે આરોપી તથા મરણ જ નાર બેઠેલ તે વખતે કોલમ નંબર ૧ માં જનારને પોતાની બહેન ગૌરીબેન સળગીને કરી ગયેલ તે બાબતે મેણા ટોણા મારવા બાબતે આરોપી તથા મરણ જનાર વચ્ચે ઝગડો થતા આરોપી એકદમ ગુસ્સે થઇ જઇ મરણ જનારને પકડીને નીચે ઉંધો પાડી દઈ ઉપર બેસી જઇ પોતાની પાસેના હાથ રૂમાલથી મરણ જનારના ગળે જોરથી ટુંપો આપી મોત નિપજાવી ગુનો કર્યા વિગેરે બાબત.

ઉપરોકત હકિકત મુજબના ખોટા આક્ષેપોનું આરોપ મુકી અમો આરોપી સામે તદ્દન ખોટી તપાસ કરી તદ્દન ખોટ્ટુ ચાર્જશીટ મુકેલ હોઇ જે કામે અમો આરોપી નિર્દોષ અને બે કસુર હોઇ આરોપીને આ કામેથી નિર્દોષ મુકત કરવા જોઈએ.

(૨) આંક-૪ થી તા. ૨૬/૪/૨૦૨૩ ના રોજ સે.કે.નં. ૯/૨૦૨૨ના કામે આરોપી સામે તોહોમતનામુ ફરમાવવામાં આવેલ છે અને આરોપીનું નિવેદન નોંધવામાં આવેલ છે.

ઉપરોકત હકિકત મુજબનું અમો આરોપી સામે તોહમતનામુ નામદાર કોર્ટમાં ઘડવામાં આવેલ છે તે હકિકત મુજબ આક્ષેપો નિશંકપણે ફરીયાદપક્ષ સાબીત કરી શકેલા ન હોઇ હોઇ જેથી આ કામના અમો આરોપી નિર્દોષ અને બે કસુર હોઇ આરોપીને આ કામેથી નિર્દોષ મુકત કરવા જોઈએ.

(૩) આંક - થી એફ.એસ. ઘડવામાં આવેલ છે.

નામદાર કોર્ટમાં અમો આરોપી સામે જે જે સાક્ષી, સાહેદો એ જે નિવેદનો આપેલ છે તે તમામ નિવેદનોની ઈંકારીયત કરેલ છે . અને અમો નિર્દોષ હોઈ છોડી મુકવા અરજ કરેલ છે.

ફરીયાદપક્ષ દ્વારા આરોપી સામે ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબ હત્યાનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે, પરંતુ રેકોર્ડ પર આવેલા સમગ્ર પુરાવાનું સચોટ મૂલ્યાંકન કરતાં કલમ ૩૦૨ના આવશ્યક તત્વો ફરીયાદપક્ષ સંશયથી પર

સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. હત્યાનો ગુનો સાબિત કરવા માટે આરોપી પાસે સ્પષ્ટ ઈરાદો (mens rea), પૂર્વયોજન તથા મૃત્યુ લાવવાનો નિશ્ચિત હેતુ સાબિત થવો આવશ્યક છે, જે બાબત આ કેસમાં ક્યાંય રેકોર્ડ પર સ્થાપિત થતી નથી.ફરીયાદપક્ષની જ કહાણી મુજબ બનાવ અચાનક થયેલ ઝઘડામાં અને ક્ષણિક ગુસ્સામાં થયો હોવાનું દર્શાવવામાં આવે છે. કોઈપણ પ્રકારનું પૂર્વવૈર, પૂર્વયોજના કે ઘાતક હથિયારનો ઉપયોગ દર્શાવેલ નથી. વધુમાં, તબીબી પુરાવા મુજબ ઈજાના સાધન બાબતે ચોક્કસતા નથી અને ગળે ટુંપો આપવામાં રૂમાલ જ વપરાયો હોવાનું પણ નિશ્ચિત રીતે સાબિત થતું નથી. આ પરિસ્થિતિમાં આરોપી પાસે મૃત્યુકારક ઈરાદો હતો એવું માનવા માટે કોઈ દઢ આધાર ઉપલબ્ધ નથી. સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયારે બનાવ અચાનક થયેલ ઝઘડામાં, પૂર્વયોજન વિના અને ક્ષણિક ગુસ્સામાં થયેલ હોય તથા ઈરાદો સાબિત ન થતો હોય ત્યારે એવો કેસ કલમ ૩૦૨ હેઠળ નહીં પરંતુ વધુમાં વધુ કલમ ૩૦૪ ભાગ–II અથવા તેથી પણ નીચા ગુનામાં આવી શકે છે. જયારે પુરાવામાં ગંભીર સંશય અને અનિશ્ચિતતા હોય ત્યારે આરોપીને કલમ ૩૦૨ મુજબ દોષિત ઠેરવી શકાય નહી.

અતઃ, ફરીયાદપક્ષ કલમ ૩૦૨ IPC લાગુ પડે તેવા તત્વો સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ હોવાથી આરોપી સામે કલમ ૩૦૨ લાગુ પડતી નથી અને આરોપીને તેનો લાભ આપવો ફરજિયાત બને છે.

(Exception–4 to Section 300 IPC – Sudden Fight)

ફરીયાદપક્ષની જ કહાણી અને રેકોર્ડ પર આવેલા પુરાવા મુજબ, બનાવ પૂર્વયોજન વિના, અચાનક થયેલ ઝઘડામાં અને ક્ષણિક ગુસ્સાની સ્થિતિમાં બન્યો હોવાનું સ્પષ્ટ થાય છે. ચાર્જશીટમાં ક્યાંય એવો આક્ષેપ નથી કે આરોપી પાસે મરણ જનારને મારવાનો પૂર્વનિર્ધારિત ઈરાદો હતો અથવા તેણે કોઈ પૂર્વ તૈયારી સાથે બનાવ કર્યો હતો. બનાવ દરમ્યાન કોઈ ઘાતક હથિયારનો ઉપયોગ થયો નથી તથા બનાવ સ્થળ પર અચાનક ઝઘડો થતાં ઘટના બની હોવાનું ફરીયાદપક્ષ પોતે જ દર્શાવે છે.

IPC કલમ 300 ની Exception–4 મુજબ, જો (૧) બનાવ અચાનક

ઝઘડામાં થાય, (૨) કોઈ પૂર્વયોજન ન હોય, (૩) આરોપી ક્ષણિક ગુસ્સામાં કાર્ય કરે અને (૪) આરોપી અતિરાય ક્રૂરતા કે અયોગ્ય લાભ લેતો ન હોય, તો એવો ગુનો હત્યા ગણાતો નથી. હાલના કેસમાં ઉપરોક્ત તમામ તત્વો હાજર છે. આરોપી દ્વારા કોઈ અયોગ્ય લાભ લેવાયો હોવાનું કે અતિશય ક્રૂરતા દાખવવામાં આવી હોવાનું કોઈ વિશ્વસનીય પુરાવું રેકોર્ડ પર આવેલ નથી.

વધુમાં, તબીબી પુરાવા પણ ઈજાના સાધન અને ઈરાદા બાબતે નિશ્ચિત નથી, જેના કારણે આરોપી પાસે મૃત્યુ લાવવાનો સ્પષ્ટ ઈરાદો હતો એવું માનવું સુરક્ષિત નથી. આવી પરિસ્થિતિમાં કલમ 302 IPC લાગુ કરવાની કોઈ કાયદેસર શક્યતા રહેતી નથી.

સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયારે કેસ IPC કલમ 300 ની Exception–4 હેઠળ આવતો હોય ત્યારે વધુમાં વધુ કલમ 304 Part–II લાગુ પડી શકે છે અને જ્યાં પુરાવામાં ગંભીર સંશય હોય ત્યાં આરોપીને તેનો લાભઆપવો ફરજિયાત બને છે.

આધારરૂપ સુપ્રિમ કોર્ટના સિધ્ધાંતો (Illustrative Case Law)

1. Surinder Kumar v. Union Territory of Chandigarh અચાનક ઝઘડામાં, પૂર્વયોજન વિના થયેલ બનાવ Exception–4 હેઠળ આવે છે.

2. Arjun v. State of Chhattisgarh
–ક્ષણિક ગુસ્સામાં થયેલ બનાવમાં કલમ 302 લાગુ પડતી નથી.

3. Kikar Singh v. State of Rajasthan ઈરાદો સાબિત ન થાય તો હત્યાનો ગુનો બને નહીં.

4. Pulicherla Nagaraju v. State of A.P. ઈરાદો નક્કી કરવા માટે સમગ્ર પરિસ્થિતિ જોવી આવશ્યક.

“માનનીય કોર્ટ, હાલનો બનાવ IPC કલમ 300 ની Exception–4 હેઠળ આવતો હોવાથી કલમ 302 લગ પડતીશક્રેનહીંપુરાવામાં રહેલા સંશયને ધ્યાનમાં લેતાં આરોપી નિર્દોષ જાહેર થવાનો પૂરેપૂરો હકદાર છે.”

(૪) આ કામે આંક– ૭ થી તા. ૨૦/૬/૨૦૨૩ ના રોજ ડો. સોહનલાલ દેવજીભાઈની જુબાની લેવામાં આવેલ છે જેની ઉલટતપાસ કરવામાં આવેલ છે

તેમાંની હકિકત જોતા તેઓ કબુલ રાખી જણાવે છે કે, " ગુંગળામણ થવાના એકથી વધારે કારણ હોઇ શકે છે . એ વાત ખરી છે કે ઇંકવેસ્ટ પંચનામામાં જે બાહ્ય ઈજાઓ દર્શાવેલ છે તે મારા પી.એમ. નોટમાં નથી તેમજ પી.એમ. કરતી વખતે ઇંકવેસ્ટમાં જણાવેલ ઈજાઓ જોવામાં આવેલ નથી . પી.એમ.નોટમાં ઈજાઓનો કલર દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી ઈજા રૂમાલ સિવાય દુપટ્ટા, નાયલોન દોરી, કાથી, સુતળી વિગેરેથી થઈ શકે . એ વાત ખરી છે કે હું ચોક્કસ ન કહી શકુ કે આ રૂમાલથી જ કોલમ– ૧૭ ની ઈજા થઈ શકે .

ઉપરોકત સાહેદની જુબાનીનું સચોટ અવલોકન અને મુલ્યાંકન કરી જોતા, એ હક્કિકત સાબીત થાય છે, ઉપરોક્ત સાહેદની જુબાનીનું સચોટ અવલોકન અને મુલ્યાંકન કરતાં એ હકીકત સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે સાહેદ પોતે જ બનાવની ઈજાઓ અંગે નિશ્ચિત અને દૃઢ અભિપ્રાય આપી શક્યા નથી. સાહેદે કબૂલાત આપી છે કે ગુંગળામણ થવાના એકથી વધુ કારણો હોઈ શકે છે તથા ઇંકવેસ્ટ પંચનામામાં દર્શાવેલ બાહ્ય ઈજાઓ તેમના પી.એમ. નોટમાં દર્શાવેલ નથી અને પી.એમ. કરતી વખતે તે ઈજાઓ જોવામાં આવેલ નથી. વધુમાં, સાહેદે એ પણ કબૂલ્યું છે કે પી.એમ. નોટમાં ઈજાઓનો કલર દર્શાવેલ નથી તથા બનાવવાળી ઈજા માત્ર રૂમાલથી જ થઈ હોવાનું તેઓ ચોક્કસ રીતે કહી શકતા નથી. આ તમામ કબૂલાતો પરથી એ સ્પષ્ટ થાય છે કે આરોપ પક્ષ દ્વારા દર્શાવેલ ઈજાઓના કારણ અને સાધન બાબતે વૈજ્ઞાનિક તથા તબીબી નિશ્ચિતતા સાબિત થતી નથી અને તેથી આરોપ પક્ષની કહાણી સંશયાસ્પદ બને છે .

આરોપીની તરફેણમાં સાબિત થતા મુખ્ય તથ્યો નીચે મુજબ આવેલ છે.

**1.** તબીબી સાક્ષીની અનિશ્ચિતતા

પી.એમ. કરનાર ડૉ. સોહનલાલ દેવજીભાઇએ સ્પષ્ટ રીતે કબૂલ્યું છે કે ગુંગળામણ થવાના એકથી વધુ કારણો હોઈ શકે છે. આ કબૂલાતથી એ સાબિત થાય છે કે મૃત્યુંનું કારણ ચોક્કસ રીતે આરોપીને જોડતું નથી.

**2.** ઇંકવેસ્ટ પંચનામા અને પી.એમ. નોટમાં ગંભીર વિસંગતિ

સાહેદે કબૂલ્યું છે કે ઇંકવેસ્ટ પંચનામામાં દર્શાવેલ બાહ્ય ઈજાઓ પી.એમ. નોટમાં

દર્શાવેલ નથી તેમજ પી.એમ. કરતી વખતે તે ઈજાઓ જોવામાં આવેલ નથી. આવી ગંભીર વિસંગતિથી પ્રોસિક્યુશનની કહાણી શંકાસ્પદ બને છે.

**3.** ઈજાઓનું વર્ણન અધૂરું અને અવિશ્વસનીય

પી.એમ. નોટમાં ઈજાઓનો કલર દર્શાવેલ નથી, જે તબીબી દ્રષ્ટિએ મહત્વપૂર્ણ બાબત છે. આ બાબતથી ઈજાઓ ક્યારે અને કેવી રીતે થઈ તેની ચોક્કસતા સ્થાપિત થતી નથી.

**4.** ઈજાનું સાધન નિશ્ચિત નથી

સાહેદે સ્વીકાર્યું છે કે બનાવવાળી ઈજા રૂમાલ સિવાય દુપટ્ટા, નાયલોન દોરી, કાથી, સુતળી વગેરેમાંથી પણ થઈ શકે છે. વધુમાં, તેમણે સ્પષ્ટ કહ્યું છે કે તેઓ ચોક્કસ કહી શકતા નથી કે કોલમ–૧૭ની ઈજા રૂમાલથી જ થઇ હતી.

**5.** પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરાયેલ સાધન સાથે સીધો સંબંધ સ્થાપિત થતો નથી તબીબી સાક્ષી એ વાતની પુષ્ટિ કરવામાં નિષ્ફળ ગયા છે કે રજૂ કરાયેલ રૂમાલ જ મૃત્યુ માટે જવાબદાર હતો. પરિણામે, આરોપીને બનાવ સાથે જોડતી કડી તૂટી જાય છે.

**6.** શંકાનો લાભ આરોપીને મળવો યોગ્ય ઉપરોક્ત તમામ તથ્યો પરથી સ્પષ્ટ થાય છે કે પ્રોસિક્યુશન તરફથી આરોપ સામે નિર્દોષતા દૂર થાય તેવું સ્પષ્ટ અને નિશ્ચિત પુરાવા રજૂ થયેલ નથી. કાયદાની સ્થાપિત સિદ્ધાંત મુજબ, જ્યાં સંશય ઊભો થાય છે ત્યાં તેનો લાભ આરોપીને આપવામાં આવવો આવશ્યક છે.

કાયદાકીય નિષ્કર્ષ (Defence Conclusion) "પ્રોસિક્યુશન કેસમાં તબીબી પુરાવા સંદેહાસ્પદ, અસંગત અને અનિશ્ચિત હોવાનું સાબિત થતાં આરોપ સામે આરોપ સાબિત થતો નથી. તેથી આરોપીને સંશયનો લાભ આપી નિર્દોષ જાહેર કરવો ન્યાયસંગત અને કાયદેસર છે."

ઉપરોકત કામે જુબાની જોતા રેકોર્ડ પર આવેલ પુરાવા તથા સાક્ષીઓની જુબાનીનું સચોટ મૂલ્યાંકન કરતાં કોર્ટ આ નિષ્કર્ષે પહોંચે છે કે પ્રોસિક્યુશન તરફથી આરોપ સામેના આરોપો સંશયથી પર સાબિત કરવામાં આવ્યા નથી. પી.એમ. કરનાર ડૉ. સોહનલાલ દેવજીભાઈએ પોતાની ઉલટતપાસમાં સ્વીકાર્યું છે કે ગુંગળામણ થવાના એકથી વધુ કારણો હોઈ શકે છે તથા તેઓ ચોક્કસ રીતે

કહી શકતા નથી કે કોલમ–૧૭ની ઈજા રૂમાલથી જ થઈ હતી. આ કબૂલાતો મૃત્યુંના કારણ બાબતે ગંભીર અનિશ્ચિતતા ઊભી કરે છે.

આ ઉપરાંત, ઇંકવેસ્ટ પંચનામામાં દર્શાવેલ બાહ્ય ઈજાઓ પી.એમ. નોટમાં દર્શાવેલ નથી અને પી.એમ. કરતી વખતે તે ઈજાઓ જોવામાં આવેલ નથી, જે બાબત તબીબી પુરાવા અને દસ્તાવેજી પુરાવા વચ્ચે ગંભીર વિસંગતિ દર્શાવે છે. પી.એમ. નોટમાં ઈજાઓનો કલર દર્શાવેલ ન હોવાને કારણે ઈજાઓની પ્રકૃતિ, સમયગાળો અને કારણ અંગે નિશ્ચિતતા સ્થાપિત થતી નથી.

સાહેદે વધુમાં સ્વીકાર્યું છે કે બનાવવાળી ઈજા રૂમાલ સિવાય દુપટ્ટા, નાયલોન દોરી, કાથી, સુતળી વગેરે અનેક વસ્તુઓથી પણ થઈ શકે છે. પરિણામે, પ્રોસિક્યુશન દ્વારા રજૂ કરાયેલ રૂમાલ અને મૃત્યું વચ્ચે સીધો, અવિચ્છિન્ન તથા નિશ્ચિત સંબંધ સ્થાપિત થતો નથી.જે સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયાં પ્રોસિક્યુશન કેસમાં સંશય, વિસંગતિ અને અનિશ્ચિતતા ઊભી થાય છે ત્યાં તેનો લાભ આરોપીને આપવો ફરજિયાત બને છે. ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં કોર્ટ આ નિષ્કર્ષે આવે છે કે આરોપ સામેનો ગુનો સંશયથી પર સાબિત થતો નથી અને આરોપી શંકાના લાભનો હકદાર છે.

(પ.૧) આંક – ૧૨ થી તા. ૭/૩/૨૦૨૩ ની પંચ સાહેદ મહેદ્રભાઈ માધવસંગની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(પ.૨) આંક ૧૪ થી તા. ૧/૧૧/૨૦૨૩ ની પંચ સાહેદ મહીપતસિંહ અમરસિંહની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(પ.૩) આંક – ૧૫ થી તા. ૭/૩/૨૦૨૩ ની પંચ સાહેદ બહાદુરસિંહ હરીસિંહ સોલંકીની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(પ.૪) આંક – ૧૮ થી તા.૨૦/૧૨/૨૦૨૩ ની પંચ સાહેદ રાજુભાઈ બાબુભાઈ રાવળની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(પ.૫) આંક – ૨૦ થી તા.૨૦/૧૨/૨૦૨૩ ની પંચ સાહેદ જયંતીભાઇ

બુધાભાઇ હરીજનની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(૫.૬) આંક– ૨૩ થી તા.૨૦/૧૨/૨૦૨૩ ની પંચ સાહેદ રમેશભાઇ ઇશ્વરભાઇ હરીજનની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(૫.૭) આંક– ૨૫ થી તા.૧૭/૧/૨૦૨૪ ની પંચ સાહેદ ઠાકોરભાઇ નાનુભાઇ તળપદાની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(૫.૮) આંક– ૨૬ થી તા.૧૭/૧/૨૦૨૪ ની પંચ સાહેદ ફરીદખાન વજીરખાનની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

(૫.૯) આંક– ૨૯ થી તા.૨૮/૨/૨૦૨૪ ની પંચ સાહેદ વલ્લભભાઇ ભીખાભાઇ હરીજનની લેવામાં આવેલ ઓન લાઇન જુબાની જોતા, તેઓએ સમર્થન આપતા નથી.

(૫.૧૦) આંક–૩૧ થી તા.૧૩/૬/૨૦૨૪ ની પંચ સાહેદ રમેશભાઇ રતીલાલ પરમારની જુબાની જોતા, તેઓએ તૈયાર કાગળ ઉપર સહી કરેલાનું જણાવેલ છે.

ઉપરોકત પંચ સાહેદની જુબાનીનું સાચોટ અવાલોકન અને મુલ્યાંકન કરી જોતા ફરીયાદપક્ષે કરવામાં આવેલ અલગ અલગ પ્રકારના પંચનામાની હકિક્તોને સમર્થન આપતા નથી અને તૈયાર કાગળમાં માત્ર સહી કરેલાનું જણાવે છે. જે સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયાં પ્રોસિક્યુશન કેસમાં સંશય, વિસંગતિ અને અનિશ્ચિતતા ઊભી થાય છે ત્યાં તેનો લાભ આરોપીને આપવો ફરજિયાત બને છે. ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં કોર્ટ આ નિષ્કર્ષે આવે છે કે આરોપ સામેનો ગુનો સંશયથી પર સાબિત થતો નથી અને આરોપી શંકાના લાભનો લાભ મેળવવા હકદાર હોઇ આરોપીને નિર્દોષ છોડી મુકવા જોઇએ.

ઉપરોકત પેરા (૫.૧) થી (૫.૧૦) હેઠળ નોંધાયેલા પંચ સાહેદોની જુબાનીનું સચોટ અવલોકન અને સુક્ષ્મ મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે પંચ સાહેદ મહેન્દ્રભાઇ માધવસંગ, મહીપતસિંહ અમરસિંહ, બહાદુરસિંહ હરીસિંહ

સોલંકી, રાજુભાઇ બાબુભાઇ રાવળ, જયંતીભાઈ બુધાભાઈ હરીજન, રમેશભાઈ ઈશ્વરભાઈ હરીજન, ઠાકોરભાઇ નાનુભાઇ તળપદા, ફરીદખાન વજીરખાન તથા રમેશભાઈ રતીલાલ પરમાર—all એ એકસરખી રીતે એ કબૂલાત આપી છે કે તેઓએ તૈયાર કાગળ ઉપર માત્ર સહી કરેલ છે અને પંચનામાની હકીકતોની તેમને જાણ નથી. વધુમાં, આંક–૨૯ મુજબના પંચ સાહેદ વલ્લભભાઈ ભીખાભાઇ હરીજને તો પંચનામાને સ્પષ્ટ રીતે સમર્થન આપેલ નથી.આ તમામ પંચ સાહેદોની જુબાની પરથી એ નિર્વિવાદ રીતે સાબિત થાય છે કે ફરીયાદપક્ષે કરવામાં આવેલ અલગ અલગ પ્રકારના પંચનામાઓને કોઈપણ પંચ સાહેદ તરફથી વાસ્તવિક, સ્વતંત્ર અને વિશ્વસનીય સમર્થન મળતું નથી. પંચનામા તૈયાર સમયે સાહેદોની હાજરી, અવલોકન તથા સમજણ સાબિત ન થવાથી આવા પંચનામાઓની પુરાવાકીય કિંમત ગંભીર રીતે ઘટી જાય છે.

સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયારે પંચ સાહેદો પોતે જ પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય અને માત્ર તૈયાર કાગળ ઉપર સહી કર્યાનું સ્વીકારે, ત્યારે આવા પંચનામાઓ પર આધાર રાખીને આરોપ સામે ગુનો સાબિત કરીશકલ્પ નહીં આવા સંજોગોમાં પ્રોસિક્યુશન કેસમાં ગંભીર સંશય, વિસંગતિ અને અનિશ્ચિતતા ઊભી થાય છે.

માનનીય કોર્ટના રેકોર્ડ પર આવેલા તમામ પંચ સાહેદોની જુબાની જોવામાં આવે તો એક પણ પંચ સાહેદ ફરીયાદપક્ષના પંચનામાને સમર્થન આપતો નથી. આંક–૧૨, ૧૪, ૧૫, ૧૮, ૨૦, ૨૩, ૨૫, ૨૬ તથા ૩૧ના પંચ સાહેદોએ સ્પષ્ટ કબૂલ્યું છે કે તેઓએ તૈયાર કરેલા કાગળ ઉપર માત્ર સહી કરી છે અને પંચનામાની હકીકતો તેમની નજરે આવી નથી. વધુમાં, આંક–૨૯ મુજબના પંચ સાહેદે તો પંચનામાને સંપૂર્ણપણે સમર્થન આપેલ નથી. આવી પરિસ્થિતિમાં પંચનામા કાયદાની નજરે વિશ્વસનીય પુરાવા રહી શકતા નથી. પંચ સાહેદો hostile બન્યા પછી માત્ર તપાસ અધિકારીની સાક્ષી પરથી આરોપ સામે ગુનો સાબિત કરી શકાય નહીં. કાયદાનો સ્થાપિત સિદ્ધાંત છે કે જ્યાં પંચનામાને સ્વતંત્ર સમર્થન ન મળે ત્યાં એવો પુરાવો આરોપ સામે ઉપયોગી ગણાઈ શકતો નથી. તેથી પ્રોસિક્યુશન કેસમાં ગંભીર સંશય ઊભો થાય છે અને

એવો સંશય આરોપીના હિતમાં જ જવો આવશ્યક છે.

દલીલ માટે આધારરૂપ કાયદાકીય સિદ્ધાંતો (Case Law Principles)

1. પંચ સાહેદો પંચનામાને સમર્થન ન આપે તો પંચનામાની પુરાવાકીય કિંમત ઘટી જાય છે.

(SC: State of Rajasthan v. Teja Ram પંચ hostile થાય તો પંચનામા પર આધાર રાખી શકાય નહી.

2. માત્ર તપાસ અધિકારીની સાક્ષી પરથી ગુનો સાબિત કરી શકાય નહીં, ખાસ કરીને જ્યારે પંચ સાહેદો વિશ્વસનીય ન હોય.

(SC: Kashmira Singh V. State of M.P. corroboration જરૂરી)

3. જ્યાં બે દૃષ્ટિકોણ શક્ય હોય ત્યાં આરોપીને લાભ આપવો ફરજિયાત છે. (SC: Sharad Birdhichand Sarda v. State of Maharashtra – benefit of doubt)

“માનનીય કોર્ટ અરજ કરવાની કે, જુબાનીઓ જોતા, પંચ સાહેદોની પોતાની કબૂલાતોથી પ્રોસિક્યુશનનો આધારસ્તંભ જ ધરાશાયી થાય છે. જ્યારે પુરાવામાં ગંભીર સંશય હોય ત્યારે આરોપીને તેનો લાભ આપવો એ કાયદાની ફરજ છે. તેથી આરોપીને નિર્દોષ જાહેર કરવો જ ન્યાયસંગત રહેશે." અંતઃ, ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં આરોપી સામેનો ગુનો સંશયથી પર સાબિત થતો નથી. કાયદાના સ્થિર સિદ્ધાંત અનુસાર સંશયનો લાભ આરોપીને આપવો ફરજિયાત બને છે. પરિણામે, આરોપી શંકાના લાભનો હકદાર હોવાથી તેને નિર્દોષ જાહેર કરી છોડી મુકવો યોગ્ય અને ન્યાયસંગત છે.

(૬) આંક – ૨૩ થી તા. ૫/૧૨/૨૦૨૪ ના રોજ એફ.એલ.અધીકારી શ્રી જલ્પાબેન રતીલાલ ઠકકરના ઓએ જુબાની આપેલ છે તેઓ ઉલટતપાસમાં કબુલ કરી એ હકીકત જણાવે છે કે, બનાવાવખતે પોલીસવાલા હાજર હતા . પરીક્ષણ કરતા અગાઉ એફ.આઈ.આર. નો અભ્યાસ કરેલો પોલીસે હકિકત જણાવેલી . એ વાત ખરી છે કે સર્વે નંબરની ચોક્સાઈ માટે રેવન્યુ રેકર્ડ તપાસેલ નથી તથા એહવાલમાં માપ જનાવેલ નથી .

ઉપરોકત સ્થળ પરીક્ષણ કરનાર સાહેદની જુબાની જોતા તેઓએ

કાયદાના સિધ્ધાંતો મુજબ તટસથરીતે સ્થળ તપાસ કરેલ નથી અને પોલીસના કહેવા મુજબ અનુસરેલા છે.

આંક–૨૩ મુજબ તા. ૫/૧૨/૨૦૨૪ ના રોજ સ્થળ પરીક્ષણ કરનાર એફ.એલ. અધિકારી શ્રી જલ્પાબેન રતીલાલ ઠક્કરે પોતાની ઉલટતપાસ દરમિયાન મહત્વપૂર્ણ કબૂલાતો આપી છે. તેમણે સ્પષ્ટ રીતે સ્વીકાર્યું છે કે સ્થળ પરીક્ષણ વખતે પોલીસ કર્મચારીઓ હાજર હતા તથા પરીક્ષણ કરતા પૂર્વે તેમણે એફ.આઈ.આર. નો અભ્યાસ કર્યો હતો અને પોલીસ દ્વારા જણાવેલ હકીકતોના આધારે સ્થળ તપાસ કરવામાં આવી હતી. વધુમાં, તેમણે એ પણ કબૂલ્યું છે કે સ્થળની સર્વે નંબરની ચોક્સાઇ માટે રેવન્યુ રેકર્ડ તપાસવામાં આવેલ નથી તથા સ્થળ પરીક્ષણના એહવાલમાં સ્થળનું માપ દર્શાવેલ નથી.

આ કબૂલાતોથી એ સ્પષ્ટ થાય છે કે સ્થળ પરીક્ષણ કાયદાના સ્થાપિત સિદ્ધાંતો મુજબ સ્વતંત્ર, તટસ્થ અને વૈજ્ઞાનિક રીતે કરવામાં આવેલ નથી. સ્થળ તપાસ વખતે એફ.એલ. અધિકારીએ સ્વતંત્ર રીતે અવલોકન કરવાના બદલે પોલીસના માર્ગદર્શન અને કહેવા મુજબ કાર્યવાહી કરી છે, જેના કારણે સ્થળ પરીક્ષણનો એહવાલ પૂર્વગ્રહપૂર્ણ તથા વિશ્વસનીયતા વિહોણો બને છે. સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયારે સ્થળ પરીક્ષણ તટસ્થ ન હોય અને પોલીસના પ્રભાવ હેઠળ કરવામાં આવેલ હોય ત્યારે આવા એહવાલ પર આધાર રાખી આરોપ સામે ગુનો સાબિત કરી શકલ્પ નહીંપરિણામે, પ્રોસિક્યુશન કેસમાં ગંભીર સંશય ઊભો થાય છે અને એવો સંશય આરોપીના હિતમાં જ જવો આવશ્યક છે.

આધારરૂપ સ્થાપિત કાયદાકીય સિદ્ધાંતો (Case Law Principles)

1. સ્થળ તપાસ સ્વતંત્ર અને નિષ્પક્ષ હોવી આવશ્યક છે.

સુપ્રીમ કોર્ટએ નિર્દેશ આપેલ છે કે જો સ્થળ તપાસ પોલીસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવે તો તે પુરાવાની વિશ્વસનીયતા ઘટી જાય છે.

(State of Punjab v. Baldev Singh principle of fair investigation)

2. વૈજ્ઞાનિક સાહેદે FIR અથવા પોલીસ વર્ઝનથી પ્રભાવિત થવું ન જોઈએ. FIR નો અભ્યાસ કરી પછી સ્થળ તપાસ કરવી એ તપાસને પૂર્વગ્રહપૂર્ણ બનાવે છે.

(Babubhai v. State of Gujarat investigation must be fair, impartial and uninfluenced)

3. માપ, સર્વે નંબર અને ચોક્સાઇ વગરનો સ્થળ એહવાલ અધૂરો ગણાય. અધૂરા અને અચોક્કસ સ્થળ એહવાલ પર આધાર રાખી આરોપ સાબિત કરશંકલ્પ નહવીં

(Ramji Singh v. State of Bihar defective investigation creates doubt)

4. તપાસમાં ખામીઓ હોય તો તેનો લાભ આરોપીને મળે. (Sharad Birdhichand Sarda V/S State of Maharashtra – benefit of doubt)

(૭) આંક – ૩૬ થી તા. ૨/૧/૨૦૨૫ ના નકશો બનાવનાર સાહેદ મગનભાઇ વેલાભાઇ રબારીની જુબાની લેવામાં આવેલ છે તેઓએ જણાવેલ છે કે નકશો તૈયાર કરતા પહેલા પંચનામુ થયેલ છે કે કેમ ત મને ખબર નથી.

ઉપરોકત હકિકત જોતા પણ સાહેદની જુબાની માનવાને લાયક નથી .

(Map/Sketch Evidence – Unreliable Witness)

આંક ૩૬ મુજબ તા. ૨/૧/૨૦૨૫ના રોજ નકશો તૈયાર કરનાર સાહેદ મગનભાઇ વેલાભાઇ રબારીની જુબાની લેવાઈ છે. સાહેદે પોતાની જુબાનીમાં સ્પષ્ટ રીતે કબૂલ્યું છે કે નકશો તૈયાર કરતા પહેલાં સ્થળ પંચનામું કરવામાં આવ્યું હતું કે નહીં તેની તેમને કોઈ જાણ નથી. આ કબૂલાતથી એ સ્પષ્ટ થાય છે કે નકશો કયા આધાર પર, કઈ હકીકતો મુજબ અને કઈ પ્રક્રિયા અનુસરીને તૈયાર કરવામાં આવ્યો છે તે બાબતે સાહેદ પોતે જ અનિશ્ચિત છે.

સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, સ્થળનો નકશો ત્યારે જ વિશ્વસનીય ગણાય જ્યારે તે સ્થળ પંચનામા, માપ અને સાક્ષીઓના આધારે, કાયદેસર રીતે અને સચોટ પ્રક્રિયા અનુસરીને તૈયાર કરવામાં આવેલ હોય. હાલના કેસમાં

નકશો પંચનામા સાથે જોડાયેલ નથી તથા તેની તૈયારીની કાયદેસર પ્રક્રિયા સાબિત થતી નથી. પરિણામે, આવા નકશા અને તેને આધાર આપનાર સાહેદની જુબાની પુરાવા તરીકે માન્ય અને વિશ્વસનીય રહી શકતી નથી.

અતઃ, ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતાં નકશો બનાવનાર સાહેદની જુબાની માનવાને લાયક નથી અને તેના આધારે આરોપ સામે કોઈ દોષારોપણ કરવામાં આવી શકતું નથી. આવા સંજોગોમાં ઉદ્‌ભવતો સંશય આરોપીના હિતમાં જ જવો આવશ્યક છે.

રેકોર્ડ પર આવેલા સ્થળ સંબંધિત તમામ પુરાવાનું સચોટ અને સંયુક્ત અવલોકન કરતાં સ્પષ્ટ થાય છે કે ફરીયાદપક્ષ સ્થળ બાબતે સ્વતંત્ર, તટસ્થ અને વિશ્વસનીય પુરાવા રજૂ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. સ્થળ પંચનામાને કોઈ પણ પંચ સાહેદે સમર્થન આપેલ નથી અને તમામ પંચ સાહેદોએ માત્ર તૈયાર કાગળ ઉપર સહી કર્યાનું સ્વીકાર્યું છે. એફ.એલ. અધિકારીએ સ્થળ તપાસ કરતા પૂર્વે એફ.આઇ.આર. નો અભ્યાસ કરી પોલીસના કહેવા મુજબ તપાસ કર્યાનું કબૂલ્યું છે તેમજ સ્થળનું માપ અને સર્વે નંબરની ચોક્સાઈ માટે રેવન્યુ રેકર્ડ તપાસેલ નથી. વધુમાં, આંક–૩૬ મુજબ નકશો બનાવનાર સાહેદે નક્શો તૈયાર કરતા પહેલાં પંચનામું થયેલ હતું કે નહીં તેની જાણ ન હોવાનું સ્વીકાર્યું છે.

આ તમામ ખામીઓ પરથી એ સ્પષ્ટ થાય છે કે સ્થળ પંચનામું, એફ.એલ. એહવાલ તથા નકશો–all પરસ્પર સંકળાયેલા, સમર્થિત અને કાયદેસર પ્રક્રિયા મુજબ તૈયાર થયેલા નથી. સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત મુજબ, જયારે સ્થળ પુરાવા તટસ્થતા વિનાના, પોલીસના પ્રભાવ હેઠળના અને પરસ્પર વિસંગત હોય ત્યારે આવા પુરાવા પર આધાર રાખીને આરોપ સામે ગુનો સાબિત કરી શકાય નહીં. પરિણામે, પ્રોસિક્યુશન કેસમાં ગંભીર સંશય ઊભો થાય છે, જેનો લાભ આરોપીને આપવો ફરજિયાત બને છે.

અતઃ, સ્થળ પુરાવાની આ ગંભીર ખામીઓને ધ્યાનમાં લેતાં આરોપ સામેનો ગુનો સંશયથી પર સાબિત થતો નથી અને આરોપીને નિર્દોષ જાહેર કરવો જ ન્યાયસંગત રહેશે.

(૮) આંક ૪૧ થી તા. ૨૧૧/૪/૨૦૨૫ ના ગુજરનારના ભાઈ સાહેદ– ભાઇલાલભાઈ અંબુભાઇ હરીજનની જુબાની થયેલ છે તેઓ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, બનાવ સમય ગોરવા ગયેલ હતા બનાવ સમયે હાજર ન હતા.

ઉપરોક્ત કબૂલાત પરથી સ્પષ્ટ થાય છે કે ગુજરનારના આ નિકટ સંબંધીઓ પણ બનાવની કોઈ વ્યક્તિગત અવલોકન સાક્ષી તરીકે હાજર નથી. તેઓએ ઘટનાને નિહાળી શક્યા જ નથી, તેથી તેમની જુબાની પર આધાર રાખીને આરોપી સામે દોષારોપણ કરવું કાયદેસર અને ન્યાયસંગત નથી. સ્થાપિત કાયદા અનુસાર, ગેરહાજર સાક્ષીઓની જુબાની પર દોષારોપણ કરવાનો કોઈ કાયદાકીય આધાર નથી. આ પરિસ્થિતિ સાથે મળીને પુરાવામાં સંશયની વધુ ખાતરી થાય છે, જેનો લાભ કાયદા મુજબ આરોપીને આપવો ફરજિયાત છે.

નિષ્કર્ષ: ગુજરનારના ભાઈની જુબાનીથી કોર્ટ સામે કોઈ દોષારોપણ સુનિશ્ચિત કરવું શક્ય નથી અને આને કારણે આરોપી માટે શંકાનો લાભ રહેશે.

(૯) આંક – ૪૩ થી તા. ૭/૮/૨૦૨૫ની તપાસ કરનાર અધીકારી, આઇ.ઓ. રાધેશચામ નાગરભાઇ વિરાણી ની સરતપાસથી જુબાની લેવામાં આવેલ ત્યારબાદ તેઓની તા. ૧/૮/૨૦૨૫ ના રોજ ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, ગુજરનાર કુવારો હતો, કોઇ અણબનાવની ફરીયાદ નોંધાયેલ નથી.

1.O. Testimony – No Prior Dispute

આંક–૪૩ મુજબ તા. ૭/૮/૨૦૨૫ના રોજ તપાસ અિધકારી (I.O.) રાધેશ્યામ નાગરભાઈ વિરાણીની જુબાની લેવામાં આવી છે. ત્યારબાદ ૧/૮/૨૦૨૫ની ઉલટતપાસમાં આઇ.ઓ.એ સ્પષ્ટ રીતે કબૂલ્યું કે ગુજરનાર કુવારો હતો અને તેના વિરુદ્ધ કોઈ અણબનાવ અથવા અગાઉની ફરિયાદ નોંધાયેલ નહોતી.

આ કબૂલાત પરથી એ સ્પષ્ટ થાય છે કે બનાવ પૂર્વયોજન કે અગાઉના વિવાદમાંથી પ્રેરિત કોઈ ગુનો તરીકે સાબિત થતો નથી. કોઈ પૂર્વજ્ઞાન, ગુસ્સો,

દુશ્મનાવટ કે મરણ જનાર સાથે વિરોધભાવના પણ રેકોર્ડ પર ઉપલબ્ધ નથી. I.O.ની આ સાક્ષી પ્રોસિક્યુશન દલીલના મુખ્ય આધારને વિસંગત બનાવે છે, કારણ કે પુરાવામાં સંશય ઊભો કરે છે.

નિષ્કર્ષ: 1.0.ની જુબાની અનુસાર, ગુજરનાર સામે કોઈ અગાઉનો વિવાદ નોંધાયેલ નથી, જેનો અર્થ એ થાય છે કે બનાવ અચાનક, ક્ષણિક અને પૂર્વયોજન વિના બન્યો, અને કલમ 302 IPC લાગુ પડતી નથી. સંશયનો લાભ આરોપીને આપવામાં આવવો જ કાયદેસર છે.

(૧૦.૧) આંક – ૬૩ થી તા. ૮/૯/૨૦૨૫ ના રોજ સાહેદ સિધ્ધરાજ ફતેસિંહ વાઘેલાની જુબાની થયેલ છે તથા

(૧૦.૨) આંક – ૬૪ થી તા. ૮/૯/૨૦૨૫ ના રોજ સાહેદ પ્રતાપસિંહ અભેસંગ અભેસિંહ વાઘેલાની જુબાની થયેલ છે .

તેઓએ બંન્નએ જણાવેલ છે કે, બનાવ નજરે જોયેલ નથી, નિવેદનમાં શું લખેલુ ખબર નથી, ખેતરમાં ઘણાબધા કામકરતા હોય છે.

Witnesses – Eye–witnesses Not Present

આંક–૬૩ તથા ૬૪ મુજબ તા. ૮/૯/૨૦૨૫ના રોજ સાહેદ સિધ્ધરાજ ફતેસિંહ વાઘેલા અને પ્રતાપસિંહ અભેસંગ અભેસિંહ વાઘેલાની જુબાની લેવામાં આવી છે. બંને સાક્ષીઓએ સ્પષ્ટ રીતે કબૂલ્યું કે તેઓ બનાવને નજરે નથી જોયા, નિવેદનમાં શું લખેલું છે તે તેમને ખબર નથી, અને બનાવ સમયે તેઓ ખેતરમાં ઘણાબધા કામકરતા હતા.

ઉપરોક્ત કબૂલાત પરથી સ્પષ્ટ થાય છે કે ખેતરમાં કામ કરતી આ સાક્ષીઓ બનાવના Eye–witness તરીકે હાજર ન હતા અને તેમને બનાવની કોઈ સચોટ માહિતી પ્રાપ્ત થઈ નથી. આ સાક્ષીઓ પર આધાર રાખીને કોઈ દોષારોપણ કરવું કાયદાસંગત અને ન્યાયસંગત નથી.

સ્થાપિત કાયદાકીય સિદ્ધાંતો અનુસાર, Eye–witness સાક્ષીઓ દ્વારા માત્ર એવી બાબત જણાવી શકાય જે તેમણે સ્પષ્ટ રીતે જોયી હોય. ખોટા, અસ્પષ્ટ અથવા ગેરહાજર સાક્ષીઓના નિવેદન પર આધાર રાખીને ગુનો સાબિત કરવાનો કોઈ ડાય્હેસર આધાર નથી (State of Rajasthan v. Teja Ram,

Sharad Birdhichand Sarda v. State of Maharashtra).
(State of Rajasthan v. Teja Ram, Sharad Birdhichand Sarda v. State of Maharashtra).

નિષ્કર્ષ: આ સાક્ષીઓ બનાવ જોઈ ન હોવાથી તેમની જુબાની કાયદેસર દોષારોપણ માટે માન્ય નથી, જેનો લાભ કાયદા મુજબ આરોપીને આપવો ફરજિયાત છે.

(૧૧) ચાર્જશીટના કોલમ નં. ૧ માં જણાવ્યા મુજબ આરોપીને તા. ૧૪/૬/૨૦૨૧ ના કલાક ૧૬/૩૦ વાગે પકડી અટક કરી તા. ૧૫/૬/૨૦૨૧ ના રોજ મુદ્દત અંદર નામદાર તારાપુર કોર્ટ ખાતે મોકલી આપેલ છે ત્યારથી આરોપી આશરે આડા ચાર વર્ષની જ્યુડીસીયલ જેલ ડીમાં આવેલ છે અંડર ટ્રાયલ પરસન તરીકે કેશ ચાલે છે ચાને આરોપી લાબાગાળા સમયથી જેલમાં હોઇ તેની પ્રત્યે માનવીય અભીગમ અપનાવી નીર્દોષ છોડી મુકી આ કામેથી જેલ મુક્ત કરવો જોઈએ.

1. Background & Procedural History

1. The accused has been charged under Section 302 IPC based on F.I.R. No. 633/2021 dated 11/08/2021 and the subsequent charge sheet filed in Sessions Case No. 9/2022.

2. The charge sheet alleges that the accused caused the death of Jagdishbhai Solanki on 12/06/2021 at around midnight at Survey No. 184, under an aam tree in the field of the complainant.

Defence Submission:

The entire case against the accused is based on conjecture, uncorroborated evidence, and inconsistent statements of witnesses.

The accused is innocent and not guilty of the charges

under Section 302 IPC.

2. On the Alleged Murder and Mens Rea

1. According to the prosecution, the accused caused the death in a fit of anger during a quarrel.

2. The record shows that there was no prior enmity, premeditation, or intention to kill (mens rea) as required under Section 302 IPC.

3. The incident occurred in sudden fight conditions without the use of a lethal weapon or prior planning.

Legal Principle:

Exception 4 to Section 300 IPC applies:

Sudden quarrel, No premeditation, Act done in the heat of the moment without extreme cruelty, Hence, maximum liability is under Section 304 Part II IPC.

Case Law Support:

Sudden Surinder Kumar v. UT of Chandigarh quarrel without premeditation falls under Exception 4.

Arjun v. State of Chhattisgarh No Section 302 liability in momentary anger.

Kikar Singh v. State of Rajasthan – Mens rea must be proved for murder.

Total Pulicherla Nagaraju v. State of A.P. circumstances must be considered to determine intention.

Conclusion:

The accused did not have intent to cause death, thus Section 302 IPC is not applicable.

3. Medical Evidence and PM Report

1. Dr. Sohanlal Devjibhai, in cross–examination, admitted multiple possible causes of death and inconsistencies between PM notes and Inquest Panchanama.

2. The alleged injury cannot be conclusively linked to the accused or the alleged weapon (rumal).

3. The color, nature, and cause of injuries are indeterminate.

Legal Principle:

inconclusive medical In cases of doubt or evidence, benefit of doubt goes to the accused.

4. Panch Witnesses' Statements

1. Panch witnesses (Mahendrabhai, Mehipatsingh, Bahadursingh, Rajubhai, Jyantibhai, Rameshbhai, Thakorbhai, Faridkhan, Rameshbhai Parmar) admitted they merely signed prepared papers, not present during the incident.

2. Panch witness Vallabhbhai did not support the Panchanama at all.

Legal Principle & Case Law:

Panch hostile or non–supportive renders Panchanama inadmissible.

State of Rajasthan v. Teja Ram

Kashmira Singh V. State of M.P.Corroboration required

Sharad Birdhichand Sarda v. State of Maharashtra Benefit of doubt applies

Conclusion:

Panchanamas are unreliable and cannot be used to substantiate charges.

5. Place of Occurrence & Map Evidence

1. FL Officer Jalpaben Ratilal Thakkar admitted that police were present during site inspection and she relied on FIR for reference.

2. No independent verification of survey number, measurements, or map accuracy.

3. Sketch prepared by witness Maganbhai Velabhai Rabari, unaware if Panchanama was done before sketch.

Legal Principle & Case Law:

Investigation must be impartial, independent, and scientifically accurate:

- State of Punjab v. Baldev Singh
- Babubhai v. State of Gujarat
- Ramji Singh v. State of Bihar

Conclusion:

Site inspection, map, and Panchanamas are inconsistent, unreliable, and cannot be used to prove guilt.

6. Eye Witnesses

1. Siddhraj Fatesingh Vaghela and Pratapsingh Abhesingh Vaghela were working in the fields; they did not witness the incident.

Legal Principle:

Eye–witnesses must have actually seen the event. Statements of absent or uninformed witnesses are

inadmissible.

State of Rajasthan v. Teja Ram

Sharad Birdhichand Sarda v. State of Maharashtra

7. Previous History / Dispute

IO Radheshyam Nagarbhai Virani confirmed no prior enmity or disputes.

The incident was sudden and without prior motive.

8. Custodial Period & Humanitarian Grounds

Accused arrested on 14/06/2021 and remained in judicial custody for over four years.

Considering long detention and absence of proof, the accused deserves to be released humanitarian grounds. on

9. Defence Conclusion

1. All prosecution evidence Panchanamas, witness are statements, FL report, medical evidence inconsistent, unreliable, and inconclusive.

2. There is no proof of intention to cause death (mens rea), premeditation, or use of a deadly weapon.

3. Benefit of doubt must be given to the accused as per established legal principles.

Prayer:

The accused Kalu Bhai alias Raju Bhai Manibhai Harijan be acquitted of all charges under Section 302 IPC.

The accused be released immediately from judicial custody.

૧. પૃષ્ઠભૂમિ

આરોપી સામે ૧૪/૬/૨૦૨૧ના બનાવ માટે કલમ ૩૦૨ IPC હેઠળ

આરોપ લગાવાયો છે.

ચાર્જશીટ, સાક્ષી, પંચનામા અને સ્થળ તપાસના પુરાવા આધારભૂત છે.

અમારો દલીલ: પુરાવા અસંગત, અનુષ્ઠિત, અને સંશયાસ્પદ છે, આરોપી નિર્દોષ છે.

૨. બનાવ અને Mens Rea

બનાવ અચાનક ઝઘડામાં થયો, કોઈ પૂર્વયોજન નહોતી.

કોઈ ઘાતક હિથયાર વપરાયો ન હતો.

તબીબી પુરાવા પ્રમાણે ઈજાનું સાધન નિશ્ચિત નથી.

કાયદાકીય આધાર : Exception 4 to Section 300 IPC.

અચાનક ઝઘડામાં થયેલો ગુનો માત્ર કલમ ૩૦૪ ભાગ–II હેઠળ આવતો હોય શકે.

પુર્વયોજન, ઈરાદો સાબિત ન હોવાથી Section 302 લાગુ નથી.

૩. તબીબી પુરાવો

ડૉ. સોહનલાલે સ્વીકાર્યું કે મરણના ઘણા કારણ હોઈ શકે.

ઇંકવેસ્ટ અને PM નોટમાં વિસંગતિ.

ઈજા રૂમાલ સિવાય અનેક સાધનથી થઈ શકે.

નિષ્કર્ષ: ઈજા અંગે નિશ્ચિતતા નથી→ આરોપીનો લાભ.

૪. પંચ સાહેદોની જુબાની

મહેન્દ્રભાઈ, મહીપતસિંહ, બહાદુરસિંહ, રાજુભાઈ, જયંતીભાઈ, રમેશભાઈ, ઠાકોરભાઈ, ફરીદખાન, રમેશભાઈ પરમાર માત્ર તૈયારકાગળ પર સહી કરી.

વલ્લભભાઈ – પંચનામા સમર્થન આપ્યા જ નથી.

કાયદાકીય સિદ્ધાંત: Panch hostile – Panchanama અયોગ્ય.

નિષ્કર્ષ: Panchanama કાયદેસર પુરાવો નથી.

૫. સ્થળ તપાસ અને નકશો

FL અધિકારી જલ્પાબેન ઠક્કર: સ્થળ તપાસ પહેલા FIR જોઈ, પોલીસના જણાવ્યા મુજબ જ કામગીરી.

નકશો બનાવનાર સાહેદ મગનભાઈ: પંચનામું પહેલા થયું કે નહિ જાણતું નથી.

નિષ્કર્ષ: Independent site inspection નથી, પુરાવો સંશયાસ્પદ આરોપી લાભનો હકદાર.

૬. Eye Witnesses

સિધ્ધરાજ ફતેસિંહ અને પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા – ખેતરમાં કામ કરતા, બનાવ જોયો જ નથી.

નિષ્કર્ષ: Eye witness નથી→ જુબાની માન્ય નથી.

૭. પહેલા વિરોધ/અણબનાવ

IO રાધેશ્યામ વિરાણી: ગુજરનાર પુર્વવિવાદ વગર, કુવારો.

નિષ્કર્ષ: બનાવ અચાનક, Section 302 લાગુ નથી.

૮. જેલ કાળ

આરોપી ૧૪/૬/૨૦૨૧થી અડધી ચાર વર્ષથી કસ્ટડીમાં.

માનવતાવાદી દષ્ટિકોણથી મુક્તિ આપવી જોઇએ.

૯. દલીલ અને ન્યાય

1. તબીબી પુરાવા અસંગત અને નિશ્ચિત નથી.
2. Panch, Eye witnesses, place evidence – unreliable.
3. Mens Rea, premeditation, lethal weapon નથી. સાબિત
4. Section 302 લાગુ કરવી કાયદેસર શક્ય નથી.
5. સંશયનો લાભ આરોપીને આપવો ફરજિયાત.

આરોપી નિર્દોષ જાહેર કરો અને તરત મુક્ત કરો.

મુખ્ય દલીલ અને મુદ્દા બનાવ અને Mens Rea (કલમ 302 IPC મુદ્દો)

બનાવ ૧૪/૬/૨૦૨૧ના રોજ અચાનક ઝઘડામાં થયો. કોઈ ઘાતક હિથયાર વપરાયો ન હતો. કોઈ પૂર્વયોજન કે ગુસ્સો સાબિત નથી. તબીબી પુરાવા ઈજા અને ઈરાદા અંગે નિશ્ચિત નથી. નિષ્કર્ષ: Section 302 લાગુ નથી; Exception 4 to Section 300 IPC લાગુ વધુમાં Section 304 Part–II લાગુ થઈ શકે.

મુખ્ય કાયદાકીય સિદ્ધાંતો / Case Law

1. Panch hostile → Panchanama પર આધાર નહી (State of Rajasthan v. Teja Ram).
2. Eye witness ના હોવા પર દોષારોપણ નહીં (Sharad Birdhichand Sarda v. Maharashtra).
3. Uncertain / inconsistent evidence સંશયનો લાભ આરોપીને (Sharad Birdhichand Sarda v. Maharashtra).
4. Independent site inspection अने impartial evidence જરૂરી (State of Punjab v. Baldev Singh).

નિષ્કર્ષ / Relief sought

કેસમાં Sections 302 IPC લાગુ નથી. તબીબી, Eye witness, Panch, સ્થાન / નકશા પુરાવા – અસંગત, અનિશ્ચિત.

Section 304 Part–II પણ લાગુ કરી શકાય, પરંતુ સંશયના હેતુથી આરોપીને તરત જ મુક્તિ આપે, જેલ કાળ ધ્યાનમાં લેવી. નિર્દોષ જાહેર કરવો જોઈએ.

ઉપરોકત તમામ હકીકતોનું તમામ પાશાઓથી અવલોકન અને મુલ્યાંકન કરી જોતા ફરીયાદપક્ષ તેમનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા ન હોઈ આરોપીને આ કામેથી નિર્દોષ મુકત કરવાનો ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવા મેં .કરશોજી.

(૯) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફની દલીલો તેમજ રજૂ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

## -:: મુદા ::-

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૬/૨૦૨૧ ના રોજ રાતના બારેક વાગ્યાના સુમારે મોજે જગદિશભાઈ બાબુભાઈ સોલંકી, રહે. આદરૂજ નાઓના સીમ સર્વે નં.૧૮૪ વાળા ખેતરના શેઢા ઉપર આવેલ આંબાના ઝાડ નીચે આરોપી તથા મરણ જનાર બેઠેલ તે વખતે આરોપીએ મરણજનારને પોતાની બહેન ગૌરીબેન સળગીને મરી ગયેલ તે બાબતે મેણાટોણા મારવા બાબતે આરોપી તથા મરણજનાર વચ્ચે ઝઘડો થતાં આરોપી એકદમ ગુસ્સે થઈ મરણજનારને પકડીને નીચે ઉંઘો પાડી દઈ ઉપર બેસી જઈ પોતાની પાસેના હાથ રૂમાલથી મરણજનારના ગળે જોરથી ટુંપો આપી મોત નીપજાવી **ઈ.પી.કો. કલમ – ૩૦૨** વિગેરે મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કર્યો છે ?

**૨.** શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧). હકારમાં,**

**૨). આખરી હુકમ મુજબ.**

**(૧૧)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## -:: કારણો ::-

**<u>મુદા નં. ૧ અને ૨</u> :–**

**(૧૨)** આમ ફરીયાદપક્ષે એપીપી શ્રી જે.એસ.ગઢવી તથા બચાવપક્ષના વિ. વકીલશ્રીની દલીલ ધ્યાને લેતા હાલના કેસમા નજરે જોનાર સાક્ષી નથી. આ કેસમા ફરીયાદપક્ષ જે મૌખિક જુબાની તથા દસ્તાવેજી પુરાવા પર આધાર રાખે છે. તે તમામ પુરાવાઓ એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન(ન્યાયીક પ્રક્રિયા બહારની કબુલાત) પર આધારીત છે. જેથી આ કામે ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૨૪ ની વ્યાખ્યા વંચાણે લેવી પડે જે નીચે મુજબ છે.

**<u>ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ ૨૪:–</u>**

ફોજદાર કાર્યવાહીમા આરોપી વ્યકિતએ કરેલી કબુલાત અપ્રસ્તુત ગણાય છે, જો કોર્ટને એવુ જણાય કે આવી કબુલાત કોઇ પ્રલોભન(લાલચ, ધમકી અથવા વચન) દ્વારા કરવામા આવે છે. એવુ પ્રલોભન ( ધમકી કે વચન) આરોપી પરના આક્ષેપ (આરોપ) ના સંદર્ભમા હોવુ જોઇએ અને તે સતાધારી વ્યકિત (પરર્શન ઓફ ઓથોરીટી) તરફથી મળેલુ હોવુ જોઇએ તેમજ કોર્ટના અભિપ્રાય મુજબ એટલુ પુરતુ હોવુ જોઇએ જેથી આરોપીને એમ માનવા માટે વાજબી કારણ મળે કે કબુલાત કરવાથી તેને કોઇ ફાયદો થશે અથવા તેની સામેની કાર્યવાહીમા કોઇ નુકશાન(અનિષ્ઠ) ટળી શકે.

**(૧૩)** આમ ઉપરોકત કલમમા કબુલાત કયારે અપુરતી ગણાય તેની મુખ્ય શરતો નીચે મુજબ છે.

**૧.** કબુલાત લાલચ, ધમકી કે વચન હેઠળ થયેલ હોવ જોઇએ.

**૨.** તે લાલચ અથવા ધમકી સતાધારી વ્યકિત (પરર્સન ઓફ ઓથોરીટી) દ્વારા આપવામા આવેલી હોય (પોલીસ).

**૩.** તે આરોપી વિરૂધ્ધના આરોપના સંદર્ભમા હોવી જોઇએ.

**૪.** લાલચ એવી હોવી જોઇએ કે જેથી આરોપીને લાગે કે આ કબુલાત કરવા થી તેને કેસમા કોઇ ફાયદો થશે અથવા નુકશાન માથી બચી જશે.

આમ ઉપરોકત કલમનો મુળ હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે આરોપી દ્વારા કરવામા આવેલી કબુલાત સંપુર્ણપણે સ્વેચ્છીક ( VOLUNTARY) હોવી

જોઇએ.

**(૧૪)** ઉપરોકત એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન (કબુલાત) ના સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટે જે મહત્વના ચુકાદા આપેલ છે તે નીચે મુજબ છે.

**SAHDEV V/S STATE TAMILNADU**

(2012) 6 **SCC** 403

ઉપરોકત ચુકાદામા નામદાર સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે, આ કેસમા બ્રાહય ન્યાયીક કબુલાત (એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેકશન) અંગે માર્ગદર્શક સિધ્ધાંતો નકકી કર્યા છે(એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેકશન) એ કાયદેસર રીતે નબળો પુરાવો ( વીક પીસ ઓફ એવીડન્સ) છે. અદાલતોએ તેને ખુબ જ કાળજી અને સાવચેતી પુવર્ક તપાસ કરવી જોઇએ. જે તે સ્વેચ્છીક સાચી અને વિશ્વાસપાત્ર હોય, તો જ તેને સ્વીકારી શકાય. જો તેને અન્ય કોઇ મજબુત પુરાવા (કોરોબોરેશન) સપોર્ટ કરતા હોય તો તેની કાનુની કિંમત વધી જાય છે.

**STATE OF RAJESTHAN V/S RAJA RAM**

(2003) 8 **SCC** 180

ઉપરોકત ચુકાદામા સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ કર્યુ છે કે, જો બ્રાહય ન્યાયીક કબુલાત આપતી વખતે આરોપી તંદુરસ્ત માનસીક સ્થિતી મા હોય અને તે નિવેદન સ્વેચ્છીક હોય તો તેના આધારે સજા થઇ શકે છે. પરંતુ તેની સત્યતાનો આધાર તે સાક્ષીની વિશ્વસનીયતા પર રહેલો છે. જેની સામે આ કબુલાત કરવામા આવી હોય.

**(૧૫)** આમ કાયદાના ઉપરોકત પ્રોવીજનો તથા નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ મહત્વના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કેસમાં રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ કરુ છુ.

**(૧૬)** ઉપરોકત કેસમા આ અદાલતે આ તબક્કે **આંક-૪૪** વાળી ફરીયાદ અક્ષરસહ મુલ્યાંકન કરવુ જરૂરી જણાતુ હોય જેથી તે નીચે મુજબ છે.

મારું નામ અબુભાઇ મંગળભાઇ હરીજન ઉ.વ. ૫૫ ધંધો. મંજરી રહે. ઉંટવાડા હરીજનવાસ, તા.તારાપુર જી આણંદ રૂબરૂમાં આવી જાહેર કરી મારી

ફરીયાદ હકીકત લખાવુ છુ કે હુ ઉપરના બતાવેલ સરનામે મારા પરીવાર બાળકો સાથે રહુ છુ અને છુટક મજુરી કામ કરુ છુ મારી પત્ની નામે લીલાબેન કરીને છે માટે સંતાનમા ત્રણ દીકરા અને ચાર દીકરીઓ છે. જેમા સૌથી મોટી દીકરી રંજનબેન તથા નયનાબેન તથા રમીલાબેન તેમનાથી નાનો ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ ઉર્ફે. ભલો ઉવ. ૨૭ તથા ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ હરીજન તથા રવી તથા રીટાબેન કરીને છે. જેમા ત્રણેય મોટી દીકરીના તથા ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈના લગ્ન થઈ ગયેલ છે. ભનુભાઈની પત્નીનુ નામ તેજલબેન છે. અને મારો દીકરો ભનુ અમારી ભેગો રહેતો હતો અને રાત્રીના અમારી બીજા જુના ઇન્દીરા કોલોનીમાં આવેલ મકાનમા સુવા માટે જતો હતો અને ગઈ કાલ રાત્રીના અગીયારેક વાગે જમી પરવારી આ મારો મોટો દીકરો ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફ ભલો અમારા બીજા મકાને સુવા ગયેલો અને અમો બધા પણ અમારા મકાનમા સુઈ ગયેલા.

આજરોજ સવારના નવેક વાગ્યાના સુમારે ઘરે હાજર હતો અને મારા દિકરા ભાનુને ઘરે ચા પીવા સારૂ બોલાવવા જતા તે ત્યાં ઘરે હાજર ન હતો દરમ્યાન અમારા ઘરે આદરુજ ગામના પ્રતાપસંગ અભેસંગ વાઘેલા નાઓ આવેલા અને મને જણાવેલ કે આજરોજ સવારના આઠેક વાગે હું મારા ઘરે હાજર હતો આ વખતે મારા ખેતરમા કામ કરતા કાળુભાઈ મણીભાઈ હરીજન રહે. પરીએજ તા માતર નાઓ મારી પાસે આવેલા અને મને જણાવેલ કે ગઈ રાત્રીના બારેક વાગે આદરજ સીમમાં જગદીશભાઇ બાબુભાઇ સોલંકી નાઓના ખેતરમાં હુ તથા ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે. ભલો અંબુભાઇ હરીજન રહે. ઉટવાડા નાઓ ગયેલા હતા અને આબાના ઝાડ નીચે બેઠેલા ત્યાં આગળ અમો બન્ને વચ્ચે ઝઘડો થતા મારા થી આ ભનુભાઈનું મોત થઈ ગયેલ છે. અને તેની લાશ જગદીશભાઈના ખેતરમા પડેલી છે. તેવી વાત કરી નીકળી ગયેલ છે. તેવી હકીકત આ પ્રતાપસંગ નાઓએ જણાવેલી જેથી હું તથા મારો નાનો દીકરો ભાઈલાલ આ જગદીશભાઈના ખેતરમાં ગયેલા અને ત્યાં જઈ જોયેલ તો મારા દીકરા ભાનુની લાશ ખેતરમાં આવેલ આંબા નીચે ઝરડા નીચે ઢાંકી દીધેલી હતી જેથી ઝરડા હટાવી જોતા મારા દીકરાની લાશ અર્ધનગ્ન હાલતમાં પડેલી હતી અને

તેને ગળાના ભાગે ટુપો આપેલાના નીશાન હતા તથા ડાબા પડખે લાલ ચકામા પડી ગયેલા હતા જેથી મારા દીકરા ભાનુની લાશને ટ્રેકટરમાં તારાપુર સરકારી દવાખાને લાવેલા અને લાશને પીએમ રૂમમા મુકાવી અત્રે વખતે આ કાળુભાઈ ઉર્ફે મણીભાઈ મણીભાઈ હરીજન રહે. પરીએજ તા.માતર નાઓએ મારા દીકરા ભાનુને ઘરે થી આદરૂજ ગામની સીમમા તેની સાથે લઈ જઈ કોઈ કારણોસર ઝઘડો કરી ગળે ટુપો આપી મોત નીપજાવેલ હોય જેથી આ બાબતે કાયદેસર તપાસ થવા સારૂ ફરીયાદ છે. મારા પુરાવા ફરીયાદમા જણાવેલ તથા તપાસમા નીકળે તે વીગેરે છે.એટલી મારી ફરીયાદ હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.

આ કામના ફરીયાદી અંબુભાઈ મંગળભાઈ હરીજનને પુરાવાના કામે તપાસવા માટે મુદત તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ સમન્સ કાઢવામા આવેલ પરંતુ તે સમન્સની બજવણી ન થતા ફરી મુદ્ધત તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજનો સમન્સ ઈસ્યુ કરવામા આવેલ જે સાહેદ સમન્સ બજવણી કરનાર અધિકારીએ ફરીયાદી અંબુભાઈ મંગળભાઈ હરીજન મરણ ગયેલ છે જેથી તેમના દિકરા ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ હરીજન અંબુભાઈ હરીજનનુ નિવેદન તથા અંબુભાઈ મંગળભાઈ હરીજન(ફરીયાદી) નો મરણ દાખલો સાહેદ સમન્સ સાથે રજુ રાખેલ છે. જે મરણ દાખલો આ કામે આંક-૬૦ થી રજુ છે જે વંચાણે લેતા ફરીયાદી અંબુભાઈ મંગળભાઈ હરીજન તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ મૃત્યુ પામેલ છે. તેવુ મરણ દાખલો વંચાણે લેતા જણાય છે અને જેથી ફરીયાદી ને આ કામે તપાસી શકાયેલ નથી.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો કે જે **ફરીયાદપક્ષને સમર્થન કરે છે.** તે નીચે મુજબ છે.

**(૧૮)** આ કામના મહત્વના **સાહેદ નંબર ૧૭ થી પ્રતાપસિંહ અભેસંગ અભેસિંહ વાઘેલાને આંક-૬૪ થી ફરીયાદપક્ષે તપાસવામા આવેલા છે.** આ કામે મહત્વના સાહેદ છે કારણ કે આરોપીએ આ સાહેદ સમક્ષ (એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેકશન) કબુલાત કરેલ છે. જે તેમની જુબાનીમા નીચે મુજબ જણાવે છે.'' **હુ ઉપરના સરનામે રહુ છુ અને ખેતી કરી મારુ ગુજરાન ચલાવુ છુ.**

**મારા ખેતીકામની મજુરી અર્થે અમારા ગામની નજીક આવેલ ઉંટવાડા ગામેથી મંગળભાઈ હરીજન તથા તેમનો દિકરો ભલાભાઈ ઉર્ફે ભલો ઘણા વર્ષોથી અમારા ખેતરે આવે છે.બનાવ આશરે બે–ત્રણ વર્ષ પહેલા બનેલો.કાળુ નામના વ્યકિતએ કોઈનુ મર્ડર કરેલુ એવુ મને કાળુએ જણાવેલુ પછી મે પોલીસ સ્ટેશને કાળુને રજુ કરેલો. કાળુએ જણાવેલુ કે મને મારવા આવેલા જેથી મે મર્ડર કરી નાખેલુ.** પોલીસે મને જે પુછેલુ તેનો મે જવાબ આપેલો. પોલીસે મારુ નિવેદન લીધેલુ. આરોપીને જો મને બતાવવામા આવે તો ઓળખી શકુ. આરોપીને જેલ વી.સી થી ઝુમ મીટીંગથી કોમ્પ્યુટર સ્ક્રિન ઉપર બતાવતા સાહેદ તેણે ઓળખી બતાવે છે.''

પરંતુ ઉપરોકત સાહેદએ સરકારી વકીલ દ્વારા તેમની ઉલટતપાસમા સવાલો પુછતા તેઓએ નીચે મુજબ જવાબ આપેલ છે.એ વાત ખરી છે કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકિકત જણાવેલી છે કે '' આ કાળુ મારા ખેતરમા ઓરડીએ રહેતો હતો ઉંટવાડા ગામનો ભાઈલાલભાઈ અંબુભાઈ આ કાળુનો મિત્ર થતો હોવાથી અવાર–નવાર કાળુ જોડે ઓરડીએ બેસવા આવતો હતો અને આ કાળુની બહેન ગૌરીબેન ઉ ટવાડા ગામે નગીનભાઈ પસાભાઈ હરીજન સાથે પરણાવેલી હોય આ કાળુ અવારનવાર ઉંટવાડા જતો હતો અને આજથી આશરે બે માસ ઉપર આ કાળુની ભાણીના લગ્ન હોય આ કાળુ અમારી પાસે પૈસા માંગતા તેને ઉપાડ પેટે પચ્ચીસ હજાર રૂપિયા આપેલા અને અઠવાડીયા ઉપર સાં જના સમયે મે કાળુને અમારા ખેતરમાથી પરાળ ઘરે લાવવા સારૂ બીજા મજુરની વાત કરેલી અને આ કાળુએ ઉંટવાડા ગામેથી મજુરો લાવવાની વાત કરેલી".એ વાત ખરી છે કે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકિકત લખાવેલી છે કે "આજરોજ સવારના છએક વાગે હું મારા ઘરે સુતો હતો તે વખતે કાળુભાઈ અમારા ઘરે આવેલો અને મને તથા મારા ભત્રીજા સિધ્ધરાજનાઓને જગાડીને વાત કરેલી કે રાત્રીના બાર વાગે આદરુજ સીમમા જગદીશભાઈ બાબુભાઈ સોલંકીના ખેતરમા હુ અને ઉંટવાડા ગામના ભાનુભાઈ ઉર્ફે ભલો હરીજનનાઓ ગયેલા અને આંબાના ઝાડ નીચે બેઠેલા હતા અને ઝગડો થતા મારાથી ભાનુભાઈ ઉર્ફે ભલાનુ મોત થઈ ગયેલુ છે અને તેની લાશ જગદીશભાઈના ખેતરમા પડેલી છે તેવી વાત કરતા હુ કાળુને મારા ઘરે બેસાડી

અમારા ખેતર પાડોશી જગદીશભાઈના ખેતરમા ખાતરી કરવા ગયેલો". એ વાત ખરી છે કે "આંબાના ઝાડના શેઢા ઉપર જોયેલ તો ઝાડી–ઝાખરાના ઢગલામાં હાથ દેખાયેલો.એ વાત ખરી છે કે મારા પોલીસ રૂબરૂના નિવેદનમા એવી હકિકત લખાવેલી છે કે " જેથી મને પાકી ખાતરી થઈ ગયેલી મરણ જનાર ભાનુભાઈ ઉર્ફે ભલાની લાશ છે જેથી મે મારા ભત્રીજા સિધ્ધરાજને ફોન કરીને જણાવેલ કે જગદીશભાઈના ખેતરમા ભાનુભાઈ ઉર્ફે ભલાની લાશ પડેલી છે અને કાળુની વાત સાચી છે મે કાળુ બાબતે સિધ્ધરાજને પુછતા કાળુ પુછયા વગર જતો રહેલો ત્યારબાદ ઉંટવાડા ગામે ભાનુભાઈ ઉર્ફે ભલાભાઈ પિતાથી અંબુભાઈ મંગળભાઈના ઘરે ગયેલો'.

આમ ઉપરોકત સાહેદ કે જે તેમની જુબાનીમા આંક–૪૪ વાળી ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે. આ કામના સાહેદ તેમની જુબાનીમા એવુ જણાવે છે કે આરોપી કાળુ ઉર્ફે રાજુ મણીભાઇ હરીજન તેમને ત્યાં મજુરી કામ અર્થે રહેતો હતો અને તેમના ખેતરમા આવેલ ઓરડીમા રહેતો હતો તથા બનાવના દિવસે તારીખ અને સમયે આરોપીએ મરણ જનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અબંભાઇ હરીજનનુ રાત્રીના બાર વાગ્યે આદરૂજ સીમમા જગદીશભાઇ બાબુભાઇ સોલંકીના ખેતરમા ઝઘડો થતા તેનુ મોત નિપજાવેલ છે અને સવારે તેમના ઘરે આવી તેમને તથા તેમના ભત્રીજા સીધ્ધરાજને ઉઠાડી ઉપરોકત હકીકત જણાવેલી.જેથી તેઓ તે ખેતરમા આંબાના ઝાડના શેઢા પર જઇ જોયેલ તો જાડી જાખરાના ઢગલામા હાથ દેખાયેલો અને તેમને ખાતરી થતા તેઓએ તેની જાણ ફરીયાદી અંબુભાઇ મંગળભાઇ હરીજનને કરેલી અને આ હકીકત આરોપીએ સવારે તેમને તથા તેમના ભત્રીજા સીધ્ધરાજને જગાડીને કરેલી તેવુ જણાવે છે તથા તે તમામ હકીકત તેઓએ પોલીસ નિવેદનમા લખાવેલી તેવુ પણ જણાવે છે.

(૧૯) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૬ થીસિધ્ધરાજસિંહ ફતેસંગ ફતેસંગ વાઘેલાને આંક–૬૩ થી તપાસેલ છે** કે જયારે આરોપીએ તેણે કરેલ ગુન્હાની કબુલાત પ્રતાપસિંહ અભેસંગ સમક્ષ કરતા હતા ત્યારે તેઓ પોતે પણ પ્રતાપસિંહ અભેસંગ સાથે તે સમયે હાજર હતા અને આરોપીની કબુલાત તેઓએ પણ

સાંભળેલી તેઓ તેમની જુબાનીમા એવુ જણાવે છે કે, '' હુ ઉપરના સરનામે રહુ છુ અને ખેતી કરી ગુજરાન ચલાવુ છુ. અમે બે ભાઈઓ છીએ. અમારા ખેતીના કામકાજ માટે મજૂરી અર્થે અમારા ગામની નજીક આવેલ ઉટવાડા ગામેથી અંબુભાઈ મંગળભાઈ હરીજન તથા તેમનો દિકરો ભાઈલાલભાઈ ઉર્ફે ભલો તેમના કુટુંબના માણસો અમારા કુંટુંબ સાથે વર્ષોથી રહે છે. **બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. આ કામના આરોપી કાળુભાઈ સવારમા વહેલો અમારા ઘરે આવેલો અને તેને મને કહેલ કે મારાથી ભાનુભાઈ ઉર્ફે ભલો નાઓનુ મર્ડર થઈ ગયેલુ છે અને તેને મને જણાવેલ કે રાત્રીના મને મારવા માટે આવેલા ત્યારે બનાવ બનેલો તેવી વાત મને તેણે સવારે કિધેલી અને મે તેને પોલીસ સ્ટેશન હાજર થવા માટે જણાવેલુ.**આરોપી મારા ખેતરમા એક વર્ષથી કામ કરતો હતો. આરોપીને જો મને બતાવવામા આવે તો ઓળખી શકુ. આરોપીને જેલ વી.સી થી ઝુમ મીટીંગથી કોમ્પ્યુટર સ્ક્રિન ઉપર બતાવતા સાહેદ તેને ઓળખી બતાવે છે.''

આમ ઉપરોકત સાહેદની જુબાની વંચાણે લેતા પણ ફરીયાદીની આંક–૪૪ વાળી ફરીયાદને સંપુર્ણ સમર્થન મળે છે અને સાહેદ પ્રતાપસિંહ અભેસંગ અભેસિંહ વાઘેલાએ આંક–૬૪ થી તેમની જુબાનીમા એવુ જણાવેલ છે કે બનાવના દિવસે સમયે અને સ્થળે જે બનાવ બનેલો તેના બીજા દિવસે સવારે આરોપી કાળુ ઉર્ફે રાજુ મણીભાઇ હરીજન તેમના ઘરે આવેલા તથા તેમને તથા તેમના ભત્રીજા સીધ્ધરાજને ઉઠાડી આરોપી કાળુ ઉર્ફે રાજુ મણીભાઇ હરીજને તેમને એવુ જણાવેલ કે બનાવના દિવસે તારીખ અને સમયે મરણ જનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનનુ રાત્રીના બાર વાગ્યે આદરૂજ સીમમા જગદીશભાઇ બાબુભાઇ સોલંકીના ખેતરમા ઝઘડો થતા તેનુ મોત નિપજાવેલ છે

**(૨૦)** ફરીયાદપક્ષે **સાહેદ નં.૦૧ થી ડો.સોહનલાલ દેવીલાલજી ધકરોલીયાને આંક–૦૭ થી તપાસેલ છે** કે જેઓએ મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલાભાઇ અંબુભાઇ હરીજન નુ પોસમોર્ટમ કરેલુ અને જે પી.એમ. રીપોર્ટ આંક–૧૦ થી તેઓએ તૈયાર કરેલ તેવુ જણાવે છે અને તેઓ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે,''સને ૨૦૨૧માં હું મેડીકલ

ઓફીસર તરીકે પી.એચ.સી ખાનપુર તા. તારાપુર, જી.આણંદ ખાતે મારી ફરજ પર હાજર હતો ત્યારે તારાપુર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૨૧૫૦૨૯૨૧૦૨૨૫/૨૦૨૧ ઈ.પી.કો.કલમ–૩૦૨ મુજબના કામે મરણજનાર ભાનુભાઈ ઉર્ફે ભલો સન ઓફ અંબુભાઈ હરિજન રહે. ઊંટવાડાની લાસ તારાપુર પોલીસ સ્ટે.ના અ.પ.કો નવઘણભાઈ નગાભાઈ બં.નં.૭૧૫ પોલીસ ઈ.તારાપુર પોલીસ સ્ટેશનની સહી વાળી યાદી સાથે મારી સમક્ષ લાવેલા જે યાદી મે રીસીવ કરેલી અને તેમાં સહી કરી તારીખ અને સમય નોંધેલો.મને નિશાની ૩/૧ થી રજૂ થયેલ યાદી બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તે યાદી પોલીસ ઈ.તારાપુર પોલીસ સ્ટેશનથી મોકલેલ તે જ છે જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ આંક–૦૮ આપવામાં આવે છે.સદર શબનું પરીક્ષણ મેં તારીખ ૧૩/૦૬/૨૦૨૧ના રોજ બપોરના ૩.૪૫ શરૂ કરી સાંજના ૫.૦૦ વાગે સદર સબ ૨૭ વર્ષના એક પુરૂષનું હતુ અને તેણે જમણાં કાંડા ઉપર એક સ્ટીલનું કડુ પહેરેલું હતું.અને તેઓના માથામાં કાળા વાળ હતા જે ૫ થી ૬ સે.મી હતા. સદર શબના શરીર ઉપર નીચે મુજબના નિશાન હતા.શબના જમણાં હાથના કાંડા અને કોણીની વચ્ચે અંગ્રેજીમાં 'B' નું ટેટુ ચીતરાવેલ હતુ. શબની જમણી હથેળીને પાછળ પંજા ઉપર અંગ્રેજીમાં 'J' નું ટેટુ ચીતરાવેલ હતુ.શબ સામાન્ય રીતે તંદુરસ્ત અને ઠંડું હતુ. રાયગર મોર્ટીસ આખા શરીરમાં (જેમ કે ગળા, અપર અને લોવર લીમ્બ એટલે કે ઉપરના હાથ અને નીચેના પગ ) પ્રસરેલ હતું. શરીરના ડાબા હાથના ખભા પાસે તથા ડાબીબાજુ છાતીની સાઈડમાં અને પેટના ભાગે તથા જાંઘ ઉપર પી.એમ.લીવીડીટી હતી અને છાતીની પાછળ બરડાના ભાગે અને ડાબી અને જમણી જાંઘની પાછળ નિતંબની નીચે ઘાટા લીલાશ પડતા નિશાન હતાં.શરીર ઉપર નીચે મુજબની બાહ્ય ઈજાઓ હતી.ગળા ઉપર લીગેચર માર્ક હતો, જેમાં જમણી બાજુનો લીગેચર માર્ક ૫ સેમીX ૧/૨ સે.મી હતો. જે જમણા કાન તથા નીચેના જડબાના પાછળના ભાગેથી શરૂ થઈ ૩ આંગળ જેટલું હતુ અને હડપચી સુધી વિસ્તરેલું હતું. આ ઈજા ઘાતક હતી તેમજ બ્લન્ટ હતી.હડપચીથી શરૂ થઈ ડાબી બાજુ જે જમણા કાન તથા નીચેના જડબાની નીચે શરૂ થઈ ૩ આંગળ જેટલું હતુ અને

હડપચી સુધી વિસ્તરેલું હતું અને તે ૭.૫ સે.મી લાંબુ અને ૦.૫ સે.મી પહોળી હતી અને આ ઈજા ઘાતક હતી તેમજ બ્લન્ટ હતી.તેમજ લીગેચર માર્ક એડમ્સ એપલ (હડપચી)ની ઉપર હતી. ડાબા જડબાની ઉપરની બાજુ ૫ X ૪ સે.મીનો દબાયેલો ઘા હતો. આ ઈજા ગ્રેવીયસ તેમજ બ્લન્ટ હતી. પી.એમ.નોટમાં કોલમ નં.૧૭ માં લખેલી ઈજા નં.૩,૪, અને ૫ મરણ પછીની ઈજાઓ હતી જે ઈજાઓ શબને ટ્રાન્સપોર્ટ દરમ્યાન થઈ શકે અને ઈજા નં.૧ અને ૨ મરણજનાર જીવીત હતો ત્યારની હતી.શરીર ઉપર આંતરીક ઈજાઓ નીચે મુજબની હતી.ડાબા જડબા ઉપર લીનીયર ફેક્ચર હતું જે ૨ સે.મો. નું હતુ. મગજના ભાગે નીચેની અને ઉપરની બાજુ લોહીના ધબ્બા અને કન્જેસ્ટેડ હતો. ફેફસાનો પડદો શ્વાસનળી, ડાબુ અને જમણું ફેફસું હૃદયનું આવરણ, મોટી રક્તવાહીનીઓ કન્જેસ્ટેડ હતી.વિશેષ નોંધ- સબ કયુટેનીયસ ટીસ્યુમાં કન્ઝ્યુજન્ટ હતો અને લીગેચર માર્કની નીચે હેમરેજીક સ્પોટ હતા.મરણજનારે મૃત્યુના ચારથી છ કલાક પહેલા ભોજન લીધેલુ હશે કારણ કે, તેઓની હોજરી ખાલી હતી.શબ મારી પાસે પરીક્ષણ માટે આવ્યું તે પહેલાં ૧૨ થી ૧૮ કલાક પહેલા મરણજનારનું મૃત્યુ થયેલ હોઈ શકે.**મરણજનારનું શબ પરીક્ષણ કર્યા બાદ મારા અભિપ્રાય મુજબ મરણજનારનું મૃત્યુ એસફીક્શયા સ્ટ્રેન્ગયુલેશન ના કારણે થયેલ હોઈ શકે.**શબ પરીક્ષણ કરતાં સમયે મેં શબનું લોહી ગ્રુપ અને ક્રોસ મેચીંગ માટે પૃથ્થકરણ કરવા સારૂ મેળવેલુ અને સીલબંધ હાલતમાં સીલ કરી ફોરવડીંગ લેટર તૈયાર કરી તેમાં નીચે મારા પેનલ ડૌકટર એસ.જે.ચૌહાણની સહી તથા હોદ્વાનો સીલ તથા સીક્કો મારી ત.ક.અ ને સોંપેલ. હુ આજ રોજ મારી સાથે આ ફોરવડીંગ લેટરની ઓફિસ કોપી લાવેલ છું જે નામદાર કોર્ટમાં રજૂ કરું છું જેને રજૂ દાખલ આંક-૦૯ આપવામાં આવે છે.શબ પરીક્ષણની કાર્યવાહી કર્યાના અંતે મેં મારા હસ્તાક્ષરમાં પી.એમ.નોટ તૈયાર કરી તેની નીચે મેં તથા મારા પેનલ ડોક્ટરે સહી કરી અમારા હોદ્વાનો સહી સિક્કો કરી તપાસ કરનાર અમલદારને સોંપેલ.મને નિશાની ૩/૧૨ થી રજૂ થયેલ પી.એમ.નોટ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તે પી.એમ.નોટ મેં ત.ક.અમલદારને આપેલ તે જ છે જેમાં મારી તથા મારા પેનલ ડોક્ટરની સહી તથા સિક્કો છે. છે જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ

આંક–૧૦ આપવામાં આવે છે.મરણજનારને ગળા ઉપર થયેલ ઈજા રૂમાલ અથવા એવા કપડાથી થઈ શકે. મને આર્ટીકલ નંબર ૭ બતાવવામાં આવે છે જે એક કાગળના પેકેટમાં લપેટીને દોરાથી સીલ કરેલ છે તે કોર્ટની પરવાનગીથી એ.પી.પી અને આરોપીના વકીલની હાજરીમાં ખોલવામાં આવે છે જેમાંથી એક લાલ સફેદ અને ભુરા કલરની જીણી લાઈનીંગ વાળો રૂમાલ (એમ.ઓ–૧) નીકળેલ છે. જે જોઈને કહું છુ કે, આવા રૂમાલથી મરણજનારને થયેલ અને પી.એમ.નોટમાં જણાવેલ ઈજાઓ થઈ શકે અને તેનાથી મૃત્યુ પણ થઈ શકે.''

આમ ઉપરોકત સાહેદ કે જે મરણજનારનુ પી.એમ કરેલુ તેઓ મરણજનારના મૃત્યુનુ કારણ શ્વાસ રૂધાવાના કારણે **AXPHYXIA DUE TO STRANJULATION** થયેલ અને આરોપીએ મરણજનારનુ ગળુ ઘુંટી દેવા માટે જે રૂમાલનો ઉપયોગ કરેલ તે આર્ટીકલ–૦૭ થી જોઈ અને એવુ જણાવે છે કે આના થી વ્યકિતીનુ ગળુ રૂંધી શકાય.

**(૨૧)** આ કામે **સાહેદ નં.૧૨ તરીકે ડો.જલ્પાબેન રતિલાલ ઠકકરને આંક–૩૩ થી તપાસવામા આવેલ છે.** તેઓએ એફ.એસ.એલ અધિકારી તરીકે સ્થળ પરીક્ષણ કરેલ અને તેના રીપોર્ટ તૈયાર કરેલ જે તેઓની જુબાનીમા આંક–૩૪ થી રજુ કરેલ છે. તેઓએ તેમની જુબાનીમા એવુ જણાવે છે કે'' હું સાયન્ટીફીક ઓફીસર તરીકે વડોદરા મારી ફરજ ઉપર હાજર હતી અને સાયન્ટીફીક ઓફીસર આણંદના ચાર્જ મા હતી તે દરમિયાન તારાપુર પો.સ્ટે.માંથી ગુ.ર.નં.૦૨૨૫/૨૦૨૧ ઈ.પી.કો. કલમ–૩૦૨ના કામે આદરૂજ ગામે સીમમા સ્થળ પરીક્ષણ કરવા સારૂ કંટ્રોલ રૂમથી મેસેજ આવેલો. સદર મેસેજના આધારે મેં તે જ દિવસે બપોરે ત્રણ કલાકે આદરૂજ, તા.તારાપુરની સીમમાં આવેલ જગદીશભાઈ બાબુભાઈ સોલંકીના ખેતરની સીમ જેનો સર્વે નંબર ૧૮૪ છે તે ખેતરના મધ્યમાં આવેલ આંબાના ઝાડ નીચે ગયેલી જ્યાં તપાસ કરનાર અમલદાર આર.એન. વિરાણી સાહેબનાઓ હાજર હતા અને તેઓએ સદર બનાવવાળી જગ્યાનું સ્થળ પરીક્ષણ કરી જરૂર સુચનો આપવા જણાવેલ જેથી, મેં સદરજગ્યાનું સ્થળ પરીક્ષણ કરેલું અને એ જગ્યા પર વચ્ચે માટીનો કઠણ શેઢો હતો અને સદર જગ્યાની ઝીણવટ ભરી ચકાસણી કરતાં આંબાના ઝાડથી

આશરે ચાર પાંચ ફુટ દુર સુકાઈ ગયેલા ઘેરા ભુખરા ડાઘા જણાયેલ જે ડાઘાનું રૂધિરની હાજરી માટે પ્રાથમિક કસોટી ટેસ્ટ કરતાં પરીણામ સકારાત્મક મળેલ અને આ ભુખરા ડાઘા વાળી આશરે ૧૦૦ ગ્રામ જેટલી માટી તથા થોડે દૂરથી આશરે ૧૦૦ ગ્રામ જેટલી માટી કંટ્રોલ માટી તરીકે લેવડાવેલી અને તેની આજુબાજુ જતાં અન્ય કોઈ નિશાન કે હથિયાર જણાયેલ નહી. તે જગ્યાની પશ્ચિમે એક નિલગિરિનું ઝાડ હતું અને તેની નીચે સુકાઈ ગયેલા લાકડાનો ઢગલો હતો. આ બનાવમાં બનાવ સમયે મરણજનારે પહેરેલ કપડાં તથા ડોક્ટરશ્રી પાસેથી મરણજનારનું કંટ્રોલ બલ્ડ લેવડાવવા સુચન કરેલુ તેમજ તપાસમાં આરોપી પકડાયેથી આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડાં તેમજ બનાવમાં વપરાયેલ હથિયારો જો મળી આવે તો તે કબજે કરી મોકલી આપવા સુચન કરેલ. તેમજ મરણજનારના મૃત્યુ અંગેનો સ્પષ્ટ અભિપ્રાય મેળવવા સારૂ ડોક્ટરશ્રી પાસેથી પીએમ કરાવડાવી પીએમ રીપોર્ટ મેળવવા સુચન કરેલ. તેમજ મરણજનારના મેડીકલ સેમ્પલો ઉપરથી ત.ક.અ.ને જરૂર જણાય તો કલમ ૩૯૭ મુજબના સેમ્પલો લેવડાવવા સુચન કરેલું તથા જરૂર જણાય તો વીશેરા મેળવી એફ.એસ.એલ.માં મોકલી આપવા સુચન કરેલું. આ બનાવમાં કબજે લેવડાવેલ તમામ નમુનાઓ માટી, કંટ્રોલ માટી, મરણજનારના કપડાં, કંટ્રોલ બલ્ડ વિગેરે વધું તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલી આપવા સુચન કરેલું. સદર બનાવ અંગેના અન્ય અવલોકનો તથા સુચનો ત.ક.અ.શ્રીને મૌખિક રીતે વૈજ્ઞાનિક ઢબે પુરા પાડેલ હતા.તેમજ સમગ્ર કાર્યવાહીના અંતે બનાવવાળી જગ્યાનો સ્થળ પરીક્ષણ અંગેનો અહેવાલ તૈયાર કરી પોલીસ કોન્સટેબલને સોપેલ તેને આંક–૩૪ આપવામા આવે છે.તેમજ મુદ્દમાલ ઓળખી બતાવે છે.

આમ ઉપરોકત સાહેદ એફ.એસ.એલ અધિકારી છે અને તેઓએ ગુનાવાળી જગ્યાએ જઇ તેનો જીણવટપુર્વક અભ્યાસ કરી ત્યાથી શું શું કબ્જે લેવાનુ તે તપાસ કરનાર અધિકારીને જણાવી ગુનાવાળી જગ્યાનુ વિગતવારનુ એફ.એસ.એલનો સ્થનીક રીપોર્ટ તૈયાર કરેલ તે હકીકતને સમર્થન આપે છે.

**(૨૨)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૩ થી મગનભાઇ વેલાભાઇ રબારી વિસ્તરણ અધિકારીને આંક–૩૬ થી તપાસવામા આવેલ છે**. તેઓએ

ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ જે તેમની જુબાનીમા આંક–૩૭ થી રજુ કરેલ છે જેને સમર્થન કરે છે અને સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે''ગઈ તા. ૧૪/૦૬/૨૦૨૧ ના રોજ સર્કલ ઓફિસર તારાપુર તાલુકા પંચાયત ખાતે મારી ફરજ ઉપર હાજર હતો તે સમય દરમ્યાન તારાપુર પો.સ્ટે.ના ગુના રજી નં. ૧૧૨૧૫૦૨૯૨૧૦૨૨૫/૨૦૨૧ ઈ.પી.કો.કલમ–૩૦૨ મુજબના ગુનાના કામે આદરૂજ, તા.તારાપુર ગામની ભાતિયાપા સીમ વિસ્તારમાં આવેલ સર્વે નં.૧૮૪ વાળા ખેતરમાં ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા સારૂ પોલીસ ઇન્સ. તારાપુર પો.સ્ટે. શ્રી આર.એન.વિરાણી સાહેબનાઓની યાદી મળેલી જે યાદી મેં તા.૧૭/૦૬/૨૦૨૧ ના રોજ રીસીવ કરેલી.મને સદર યાદી બતાવવામાં આવે છે જેમાં મેં રીસીવ કર્યાની સહી કરેલ છે જે હું ઓળખી બતાવું છું જને રજૂ દાખલ આંક–૩૭ આપવામાં આવે છે. યાદીના આધારે તા.૨૫/૦૬/૨૦૨૧ ના રોજ ગુનાવાળી જગ્યાએ પહોચી તેનુ ચતુર્થ દિશાનુ નિરીક્ષણ કરી મારા હસ્તાક્ષરમા નકશો તૈયાર કરેલો અને ત.ક.અમલદારને સોપેલો. તેમજ આંક–૩૮ ના ફોરવડીંગ લેટર તેમજ આંક–૩૯ થી ગુનાવાળી જગ્યાના નકશાને ઓળખી બતાવેલ છે.''

(૨૩) ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૪ તરીકે ભાઈલાલભાઈ અંબુભાઈ અંબુભાઈ હરીજનને આંક–૪૧ થી તપાસેલા છે.** તેઓ તેમની જુબાનીમા જણાવે છે કે,''હું ઊંટવાડા મુકામે મારી પત્નિ તથા બાળકો સાથે રહું છું. મારા પરિવારમાં અમે ચાર ભાઈઓ હતા જેમાંથી સૌથી મોટા મહેન્દ્રભાઈ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા ગુજરી ગયેલ. મારા મોટા ભાઈ મહેન્દ્રભાઈ બીમારીના કારણે ગુજરી ગયેલ. મહેન્દ્રભાઈથી નાનાભાઈ ભાનુભાઈ હતા જેમનું મર્ડર આજથી આશરે ચારેક વર્ષ પહેલા થયેલું. ત્યારે હું મારી બહેન રંજનબેનની સાસરી ગોરવા દહેવાણ પાસે હતો ત્યારે મારા પિતા અંબુભાઈનો મારી ઉપર ફોન આવેલો કે ભાનુભાઈનં મર્ડર થયેલું છે જેથી હું ઊંટવાડા મારે ગામે આવી ગયેલો.ઊંટવાડા આવ્યા બાદ આદરૂજ મુકામે હું, મારા બાપુ તથા ગામના લોકો વિગેરે ખેતરમાં આવેલા. ત્યાં મારા ભાઈ ભાનુભાઈની લાશ પડેલી અને પોલીસ વાળા હતા. પછી પોલીસ વાળા મારા ભાઈની લાશ લઈ ગયેલા. મેં મારાભાઈ ભાનુભાઈની

લાશ જોયેલ તો તેઓને માથાના પાછળના ભાગે વાગેલું હતું. તેની જોડે રેપ જેવું થયેલું. મારા ભાઈ ભાનુભાઈનું મર્ડર અને રેપ કાળુભાઈ હરીજન પરીએજ વાળાએ કરેલું. આ બાબતની પોલીસમાં મારા પિતાજીએ ફરીયાદ આપેલી અને પોલીસે મારો જવાબ લીધેલો. આ સિવાય બીજુ કઈ બનેલ નહી. હું આરોપી કાળુભાઈને જોયેથી ઓળખી શકું. આજરોજ આરોપી જિલ્લા જેલ બીલોદરા જી.ખેડામાં હોય અને ઝુમ માધ્યમથી ઓનલાઈન આરોપીને બતાવતા સાહેદે આરોપી કાળુભાઈને ઓળખી બતાવેલ છે.'' એ વાત ખરી છે કે, બનાવ સમયે અમો સંયુક્ત પરિવારમાં રહેતા હતા અને અમારા ફળીયામાં રહેતા નગીનભાઈ પસાભાઈ હરીજનનાઓનું લગ્ન પરીએજના ગૌરીબેન સાથે થયેલું અને ગૌરીબેનનો ભાઈ કાળુભાઈ ઉર્ફે રાજુ મણીભાઈ હરીજન રહે, પરીએજ અવાર નવાર ગૌરી બહેનના ઘરે આવતો હતો અને મારા ભાઈ ભાનુભાઈ સાથે તેને મિત્રતા થયેલી. એ વાત ખરી છે કે, તા.૧૨/૦૬/૨૦૨૧ના રોજ મારો ભાઈ ભાનુ ઉર્ફે ભલો રાત્રે જમી પરવારી આશરે અગિયારેક વાગે અમારા બીજા જુના ઈન્દિરા કોલોનીમાં આવેલા મકાનમાં સુવા ગયેલો. એ વાત ખરી છે કે, તા.૧૩/૦૬/૨૦૨૧ ના સવારે નવેક વાગ્યાના સુમારા હું તથા મારા બાપુજી તથા ઘરના સભ્યો ઘરે હાજર હતા ત્યારે મારા બાપુજી ભલાને ચા પીવા માટે બોલાવવા ગયેલા અને જોયેલ તો ભલો ત્યા ન હતો.એ વાત ખરી છે કે, આ સમયે આદરૂજ મુકામે રહેતા પ્રતાપસંગ અભેસંગ વાઘેલાનાઓ અમારા ઘરે આવેલા અને મારા પિતાજીને કહેલ કે, " આજરોજ સવારના આઠેક વાગે હું મારા ઘરે હાજર હતો તે વખતે મારા ખેતરમાં કામ કરતાં કાળુભાઈ મણીભાઈ હરીજન રહે, પરીએજ, તા.માતરનાઓ મારી પાસે આવેલા અને જણાવેલ કે ગઈ રાતના બારેક વાગે આદરૂજ સીમમાં જગદીશભાઈ બાબુભાઈ સોલંકીના ખેતરમાં હું તથા ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ હરીજન રહે, ઊંટવાડાનાઓ ગયેલા અને આંબાના ઝાડ નીચે બેઠેલા ત્યાં આગળ અમો બંને જણા વચ્ચે ઝગડો થતાં મારાથી આ ભાનુભાઈનું મોત થઈ ગયેલ છે અને તેની લાશ જગદીશભાઈના ખેતરમાં પડેલી છે" તેમ કહી તેઓ નીકળી ગયેલા.એ વાત ખરી છે કે, "આ વાત જાણ્યા બાદ હું તથા મારા પિતાજી અમો બંને જગદીશભાઈના ખેતરમાં ગયેલા અને જોયેલું તો મારા ભાઈ

ભાનુભાઈની લાશ ખેતરમાં આવેલ શેઢા ઉપર આંબાના ઝાડ નીચે ઝાડી ઝાંખરા નીચે ઢાંકી દીધેલી હતી જેથી મેં તથા મારા પિતાજીએ ઝાડી ઝાંખરા હટાવી જોયેલ તો મારા ભાઈ ભાનુભાઈની લાશ અર્ધ નગ્ન હાલતમાં પડેલી હતી અને તેના શરીરે જોયેલ તો ગળાના ભાગે ટુંપો દીધેલાનું નિશાન હતું તથા ડાબા પડખે લાલ ચકામા પડી ગયેલ હતા". એ વાત ખરી છે કે, "ત્યારબાદ મારા ભાઈની લાશ ટ્રેક્ટરમાં નાખીને તારાપુર સરકારી દવાખાને લાવેલા અને લાશને પીએમ રૂમમાં મુકાવી કાળુભાઈ મણીભાઈ હરીજન રહે, પરીએજ, તા.માતર નાઓએ મારા ભાઈને તેની સાથે ખેતરમાં લઈ જઈ ઝગડો કરી ગળે ટુંપો આપી માત નિપજાવેલ હોય મારા પિતાએ પોલીસમાં ફરીયાદ આપેલી"

સાહેદ ઉલટતપાસના પેરા ૪,૫,૬ અને ૭ મા જણાવેલી હકીકતને કબુલ રાખે છે અને તે ખરી હોવાનુ જણાવે છે અને આમ ઉપરોકત સાહેદ કે જે મરણજનારના સગા ભાઈ થાય છે તેઓએ હકીકતને સમર્થન આપેલ છે.આ કામના આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ ઉર્ફે મણીભાઇ હરીજને બનાવ ના સવારે સાહેદ પ્રતાપસિંહ અભેસંગ તથા તેના ભત્રીજાસિધ્ધરાજસિંહ ફતેસંગ નાઓને એવી હકીકત જણાવેલ કે મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજન હરીજનને તેઓએ રાત્રીના બારેક વાગ્યે આદરૂજ સીમમા આવેલ જગદિશભાઇ બાબુભાઇ સોલંકીના ખેતરમા આંબાના ઝાડ નીચે બેઠા હતા ત્યારે બંને જણા વચ્ચે જઘડો થતા તેને ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનનુ મોત નીપજાવેલ છે. તે હકીકત તેમના પિતાની હાજરીમા કરેલી. તે હકીકતને સમર્થન આપે છે. આમ આ કામના સાહેદની જુબાની થી આંક–૪૪ વાળી ફરીયાદ હકીકતને સમર્થન મળે છે.

**(૨૪)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૦૨ થી મહેન્દ્રસિંહ માધવસિંહ રાઓલને આંક–૧૨ થી તપાસવામા આવેલ છે.** સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે'' આજથી આશરે એકાદ વર્ષ પહેલા હું મારા ઘરે હતો ત્યારે પોલીસે પંચમાં રહેવા ફોનથી બોલાવેલો, જેથી હું પંચમાં રહેવા આદરુજ ગામની સીમમાં ગયેલો અને અમારા ગામના હરીજન ભાઈ જેનું નામ મહેન્દ્ર છે તેનું મર્ડર થયેલું અને તે બાબતેનું પંચનામું હતું અને ખેતરમાં અમારા ગામના મહેન્દ્રભાઈ

હરીજનની લાશ હતી અને તેણે કેસરી કલરની જર્શી પહેરેલ હતી અને મરણજનાર ઉંધો પડેલો હતો. મને નિ.૩/૩ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છું કે તેમાં પંચ નં.૧ તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવું છું, જેને આંક-૧૩ આપવામાં આવેલ છે.

આ ઉપરોકત સાહેદ મરણજનારનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરવામા આવેલ ત્યારે આંક-૧૩ ના ઇન્કવેસ્ટ પંચનામાને સમર્થન આપે છે અને કેસરી કલરની જરસી પહેરેલી હતી તે હકીકતને સમર્થન આપે છે.

**(૨૫)** આ કામે ફરીયાદપક્ષે **સાહેદ નં.૧૫ થી રાધેશ્યામ નાગરભાઇ વિરાણીને આંક-૪૩ થી તપાસવામા આવેલ છે.** સાહેદ તેમની મૌખિક જુબાનીમા એવુ જણાવે છે કે''ગઈ તા. ૧૩/૦૬/૨૦૨૧ ના રોજ હુ તારાપુર પોલીસ સ્ટેશન પો.ઈન્સ્પેકટર તરીકે મારી ફરજ ઉપર હતો તે દરમ્યાન એક ફરીયાદી નામે અંબુભાઈ મંગળભાઈ હરીજન,રહે. ઉટવાડાનાઓની ફરીયાદ તપાસમા મળેલ. જે ફરીયાદ મુજબ ફરીયાદીના દિકરા ભાનુભાઈ ઉર્ફે ભલો નાઓની હત્યા કરી કાળુભાઈ મણીભાઈ નાઓ જતા રહેલ હોય હોવાની જાહેરાત કરેલ. જે અનુંસધાને એફ.એસ.એલ તેમજ ઉપરી અધિકારીઓએ મેસેજ દ્વારા જાણ કરવામા આવેલ ફરીયાદીના દિકરાની લાશ તારાપુર સી.એચ.સી ખાતે રાખવામા આવેલ હોય ત્યા જઈ ઇન્કવેસ્ટ પંચનામું કરવામા આવેલ અને પેનલ ડોકટરથી પી.એમ કરવા તેમજ કોઝ ઓફ ડેથ સર્ટી આપવા માટે જાણ કરવામા આવેલ. ત્યારબાદ એફ.એસ.એલ અધિકારીને સાથે રાખી બનાવવાળી જગ્યાની સ્થળ તપાસણી તેમજ પં ચનામું કરવામાં આવેલ. આ ગુનાના કામે સાહેદ પ્રતાપસિંહ અભેસિંગ વાઘેલાનાઓનુ નિવેદન લખી લેવામા આવેલ તેમજ અન્ય સાહેદોના નિવેદન લેવામા આવેલ. આરોપી કાળુભાઈ મણીભાઈનાઓની તપાસ તજવીજ કરવામા આવેલ તેમજ આરોપી મળી આવતા તેનો કોવીડ-૧૯ ટેસ્ટ કરાવેલ અને ત્યારબાદ ગુના સંબંધે આરોપીની પુછપરછ કરવામા આવેલ. આરોપીના રિમાન્ડ મેળવવામા આવેલ અને આરોપીને સાથે રાખી બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમજ બનાવમા ઉપયોગ કરવામાં આવેલ રૂમાલ કબજે કરવામા આવેલ. ગુનાના કામે સર્કલ ઓફિસર પાસેથી ગુનાવાળી જગ્યાનો

નકશો મેળવવા માટે યાદી કરવામા આવેલ. સદર ગુનના કામે કબજે કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ,અમદાવાદ ખાતે રવાનગી નોંધ સાથે મોકલી આપેલ. સદર ગુનાના કામે આરોપી સામે પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ છે.મને નિ.૩/ ૧ વાળી અસલ ફરીયાદ બતાવવામા આવે છે જે મારા રૂબરૂની છે અને તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેમા ફરીયાદીના ડાબા હાથના અંગુઠાનું નિશાન છે જે હુ ઓળખી બતાવું છુ જેને રજુ દાખલ આંક–૪૪ આપવામાં આવે છે.મને નિ.૩/૨ વાળી ઈન્કવેસ્ટ પંચનામાની યાદી બતાવવામા આવે છે જેમા પી.એસ.ઓ જી.બી.સોલંકીનાઓની સહી છે જેને ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૪૫ આપવામા આવે છે.મને આંક–૧૩ વાળુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ.મને નિ.૩/૪ વાળુ મરણોતર ફોર્મ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૪૬ આપવામા આવે છે.મને આંક–૧૫ વાળુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ,આંક–૧૯ વાળુ મરણ જનારના કપડાનુ પં ચનામુ,આંક–૨૭ વાળુ આરોપીના અટકનુ પંચનામુ, આંક–૨૧ નુ આરોપીના કપડાનુ પંચનામુ, આં ક–૨૨ થી પુરાવાની કલમ–૨૭ મુજબનુ પંચનામુ બતાવવામા આવે છે જે બધામા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. મને આંક–૩૪ વાળો એફ.એસ.એલ રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ તે જ છે અને આં ક–૮ વાળો પી.એમ કરવાની યાદીમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. મને આંક–૧૦ વાળી પી.એમ નોટ બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે તે જ છે.મને નિ.૩/૧૩ વાળુ મેડીકલ કોઝ ઓફ ડેથ સર્ટીફિકેટ બતાવવામા આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૪૭ આપવામા આવે છે.મને નિ.૩/૧૪ વાળુ આરોપીના બ્લડ સેમ્પલ સીલ કરવાની યાદી બતાવવામા આવે છે જે તપાસના કામે સામેલ રાખેલી તે જ છે જેને રજુ દાખલ આંક–૪૮ આપવામા આવે છે. મને આંક–૩૭ વાળી ગુનાવાળી જગ્યાની યાદી તથા આંક–૩૮ થી નકશો બનાવવાની યાદી અને આંક–૩૮ ફોરવડીંગ લેટર બતાવવામાં આવેલ છે જે મે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હુ ઓળખી

બતાવુ છુ. મને ઑક–૩૯ વાળો ગુનાવાળી જગ્યાનો નકશો બતાવવામાં આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે જેને હુ ઓળખી બતાવુ છુ. નિ.૩/૧૮ થી મુદ્દામાલ રવાનગી નોંધ, નિ.૩/૧૯ મુદ્દામાલ પાવતી, નિ.૩/૨૦ થી લાશ સો પ્યાની પહોચ બતાવવામા આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવુ છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૪૯ થી ૫૧ આપવામાં આવે છે.મને નિ.૩/૨૧ વાળુ સુચીપત્ર બતાવવામા આવે છે. જેમા પી.એસ.ઓ જી.બી.સોલંકી નાઓની સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૨ આપવામાં આવે છે.મને મુદ્દામાલ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ.મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ બતાવવામાં આવે છે જે એક કાપડની થેલીમાં સીલબંધ કરેલ છે જે નામ. કોર્ટની પરવાનગીથી સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની હાજરીમા ખોલીને જોતા તેમાંથી એક ગુલાબી કલરની કોલર વગરની આખી બાયની ટી–શર્ટ નિકળેલ છે. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા પી.એસ.ઓ જી.બી.સોલંકીનાઓની સહી છે જેને હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૩ આપવામા આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૨ બતાવવામાં આવે છે જે સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની હાજરીમા ખોલીને જોતા તેમાંથી લોહીવાળી માટી નિકળેલ છે. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા તેમા મારી સહી છે જેને હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૪ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ બતાવવામાં આવે છે જે સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની હાજરીમા ખોલીને જોતા તેમાંથી કંટ્રોલ સેમ્પલ માટી નિકળેલ છે. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા તેમા મારી સહી છે જેને હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૫ આપવામાં આવે છે.મને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ બતાવવામાં આવે છે જે એક કાપડની થેલીમા સીલબંધ કરેલ છે જે નામ. કોર્ટની પરવાનગીથી સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની

હાજરીમાં ખોલીને જોતા તેમાંથી આરોપીનુ એક સિલવર કલરની આખી બાયની જુના જેવી ટી–શર્ટ નીકળેલ જેને ખોલી જેતા આગળના ભાગે તથા તેના નીચેના ભાગે છુટા છવાયા રતાશ પડતા લોહી જેવા ડાઘા જોવા મળેલ. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા તેમા મારી સહી છે જેને હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૬ આપવામા આવે છે.મને મુદ્ધામાલ આર્ટીકલ નં.૫ બતાવવામાં આવે છે જે એક કાપડની થેલીમા સીલબંધ કરેલ છે જે નામ. કોર્ટની પરવાનગીથી સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની હાજરીમાં ખોલીને જોતા તેમાંથી આરોપીનુ આછા મહેંદી કલરનુ પેન્ટ નીકળેલ છે. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા તેમા મારી સહી છે જેને હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૭ આપવામાં આવે છે.મને મુદ્ધામાલ આર્ટીકલ નં.૬ બતાવવામાં આવે છે જે એક કાપડની થેલીમાં સીલબંધ કરેલ છે જે નામ. કોર્ટની પરવાનગીથી સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની હાજરીમા ખોલીને જોતા તેમાંથી મરણ જનારનુ છીકણી કલરનુ પેન્ટ નીકળેલ છે. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા તેમા મારી સહી છે જેને હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૮ આપવામા આવે છે.મને મુદ્ધામાલ આર્ટીકલ નં.૭ બતાવવામાં આવે છે જે સરકારી વકીલશ્રી અને આરોપીના વકીલશ્રીની હાજરીમા ખોલીને જોતા તેમાંથી આરોપીનો લાઈનીંગવાળો રૂમાલ નીકળેલ છે. જે મે પંચનામાની વિગતે કબજે કરેલ છે તે જ છે. જેમાથી એક સફેદ કલરની પાવતી નીકળેલ છે જેમા બે પંચોની તથા તેમા મારી સહી છે જેને હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૫૯ આપવામા આવે છે.આરોપીને ઝુમથી નડીયાદ જેલથી ઓનલાઈન હાજર રાખેલ છે જેને જોઈને હુ ઓળખી બતાવુ છુ. આ કામના ફરીયાદીનાઓ મરણ ગયેલા હોય તેઓના મરણનો દાખલો કામમા સામેલ છે જેને રજુદાખલ આંક–૬૦ આપવામા આવે છે.

આમ ઉપરોકત સાહેદ બનાવ સમયે પોલીસ ઈન્સપેકટર તારાપુર પોલીસ

સ્ટેશનમા ફરજ બજાવતા હતા ત્યારે તેને તા.૧૩/૦૬/૨૦૨૧ ના રોજ ફરીયાદી અંબુભાઇ હરીજન રહેવાસી ઉંટવાડા નાઓએ તેમના દિકરા ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજન ની હત્યા બાબતે ફરીયાદ જાહેર કરેલી તે ફરીયાદના અનુસંધાને તેઓને તપાસ આપવામા આવતા તેઓએ ફરીયાદનો અભ્યાસ કરી ગુનાવાળી જગ્યાનુ એફ.એસ.એલ અધિકારી દ્વારા પરીક્ષણ કરાવેલ ફરીયાદીના દિકરાની લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ તૈયાર કરી સી.એચ.સી ખાતે રાખવામા આવેલ અને ત્યા કરેલ અને પેનલ ડોકટર મારફતે પોસ્ટમોર્ટમ કરાવી તથા કોજ ઓફ ડેથ બાબતે સર્ટીફીકેટ મેળવેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજનની ઉપરોકત મર્ડરના કામે ધરપકડ કરેલી. ત્યારબાદ ગુનાવાળી જગ્યાનુ, મુદ્દામાલ કબજે લીધેલ તેનુ તથા મેડીકલ સેમ્પલ એફ.એસ.એલમા મોકલવા માટે કબજે લીધેલ તેનુ પંચનામુ કરેલ અને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરેલ તેમજ મરણજનારની લાશ પી.એમ કર્યા બાદ સોપણી કરેલ વિગેરે તપાસના કામે કરેલ તમામ કાર્યવાહીને સમર્થન આપે છે તથા પી.એમ રીપોર્ટ મેળવી તથા એફ.એસ.એલનો રીપોર્ટ મેળવી આરોપી સામે ઇ.પી.કો કલમ-૩૦૨ મુજબનો ગુન્હો કરેલાનુ જણાતા તેઓની સામે નામ. કોર્ટમા ચાર્જશીટ કરેલ આ કામના સાહેદ તપાસના કામે કબજે લીધેલ મુદ્દામાલ ઓળખી બતાવે છે. આરોપીને ઓળખી બતાવે છે તથા આંક-૪૪ વાળી ફરીયાદ કે જે ફરીયાદીએ તેમની રૂબરૂ લખાવેલી તે ફરીયાદ પર ફરીયાદીના ડાબા હાથના અંગુઠાનુ નિશાન છે તે ઓળખી બતાવે છે અને આમ ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ તે હકીકતને તપાસનાર અમલદાર તેમની જુબાની થી સમર્થન કરે છે.

આમ આ કામના સાહેદ કે જે તપાસ કરનાર અધિકારી છે તેઓએ આંક-૪૪ વાળી ફરીયાદ, ગુનાવાળી જગ્યાનુ કરેલ પંચનામુ તથા કબ્જે લીધેલ મુદ્દામાલના પંચનામા તેઓની રૂબરૂ થયેલાની હકીકતને સમર્થન કરે છે જયારે પંચો માત્ર તેમની સહી કબુલ રાખે છે પંચનામાની હકીકતોને કબુલ રાખતા નથી પરંતુ તેટલા માત્ર થી આ કામના સાહેદની જુબાની ન માનવાને કોઇ કારણ નથી અને આમ તપાસ કરનાર અધિકારીની જુબાનીથી પણ ફરીયાદપક્ષના કેસની

હકીકતોને સમર્થન મળે છે.

(૨૬) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક પુરાવો કે જે **ફરીયાદપક્ષને સમર્થન કરતા નથી** તે નીચે મુજબ છે.

(૨૭) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૦૩ થી પંચ સાહેદ મહીપતસિંહ અમરસિંહ વાઘેલા ને આંક–૧૪ થી તેમજ સાહેદ નં.૦૪ થી બહાદુરસિંહ હરીસિંહ સોલંકીને આંક– ૧૬** થી તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૧૫ થી ગુનાવાળી જગ્યાના પંચનામા**ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૨૮) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૦૫ થી પંચ સાહેદ રાજુભાઈ બાબુભાઈ રાવળ ને આંક–૧૮ થી તેમજ સાહેદ નં.૦૮ થી ઠાકોરભાઈ નાનુભાઈ તળપદા ને આંક–૨૫** થી તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૧૯ થી મરણજનારના કપડા**ના પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૨૯) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૦૬ થી પંચ સાહેદ જયંતિભાઈ બુધાભાઈ હરીજનને આંક–૨૦** થી તપાસવામાં આવેલ

છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૨૧ થી આરોપીના કપડા અને શરીરસ્થિતી અને આંક–૨૨ થી કાયદાના પુરાવાની કલમ–૨૭ નુ પંચનામા**ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૩૦) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૦૭ થી પંચ સાહેદ રમેશભાઈ ઈશ્વરભાઈ હરીજનને આંક–૨૩** થી તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૨૧ થી આરોપીના કપડા અને શરીરસ્થિતીના પંચનામા**ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૩૧) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૦૯ થી પંચ સાહેદ ફરીદખાન વજીરખાન પઠાણને આંક–૨૬ તેમજ સાહેદ નં.૧૧ થી પંચ સાહેદ રમેશભાઈ રતીલાલ પરમારને આંક–૩૧** થી તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૨૭ થી આરોપીને અટક કર્યાના પંચનામા**ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી દ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૩૨) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧૦ થી પંચ સાહેદ વલ્લભભાઈ ભીખાભાઈ હરીજનને આંક–૨૯** થી તપાસવામાં આવેલ છે અને તેઓ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં **આંક–૨૨ થી કાયદાના પુરાવાની કલમ–૨૭ નુ પંચનામા**ની હકીકતોને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષ તરફે તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ ફરીયાદપક્ષને લાભદાયી થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

(૩૩) આમ ફરીયાદપક્ષનો સમગ્ર કેસ આ કામના આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજન કે જે બનાવના દિવસે તારીખે અને સમયે મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજન હરીજનનુ ગળુ રૂમાલથી દબાવી મોત નિપજાવે છે. તેની કબુલાત(એકસ્ટ્રા જ્યુડીશીયલ કન્ફેકશન) તેમના માલીક પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા કે જેના ખેતરમા તે કામ કરે છે અને ત્યા જ રહેતો હતો તેમને તથા તેમના ભત્રીજાસિધ્ધરાજસિંહ ફતેસંગ વાઘેલા રૂબરૂ સવારે તેઓને ઉઠાડી તેમની સામે કબુલાત કરે છે અને આરોપીએ સાહેદ પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા રૂબરૂ કબુલાત કરતા તેઓ પ્રથમ આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇએ જણાવેલ ખેતર કે જે આદરૂજ ગામની સીમમા જગદિશભાઇ બાબુભાઇ સોલંકીના ખેતરમા મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનની લાશ પડેલ છે કે કેમ તેની ખાતરી કરવા ત્યાં જાય છે અને ત્યાં જાળી જાખરાની નીચે લાશ પડેલ હોવાનુ જણાયેલ અને ત્યાર પછી તેઓ પરત આવે છે અને મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજન ફરીયાદી તથા તેના દિકરા ભાઈલાલભાઇ સમક્ષ ઉપરોકત હકીકત જણાવે છે અને જે હકીકત ફરીયાદીને જણાવતા ફરીયાદી પોતે પણ દિકરા ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇનુ ખુન થયેલ છે કે કેમ તે માટે ઉપરોકત બનાવ વાળી જગ્યાએ જઇ

તેમના દિકરા ભાઈલાલભાઈ સાથે તપાસ કરતા ત્યા તેની લાશ પડેલી હતી અને જેથી તેઓ પોલીસ સમક્ષ તેઓની જાહેરાત કરે છે જે ફરીયાદ આ કામે આંક–૪૪ થી રજુ છે અને તેમના દિકરાની લાશને ટ્રેકટર મા નાખી અને સરકારી દવાખાને લઈ જાય છે આમ ઉપરોકત હકીકત ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ થી પ્રતાપસિંહ અભેસંગ વાઘેલાને આંક–૬૪ થી તપાસવામા આવેલા છે તેઓ તે હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે અને તેઓ આરોપીને ઓળખી બતાવે છે તથા સાહેદ નં.૧૬ થીસિધ્ધરાજસિંહ ફતેસંગ  વાઘેલા ને આંક–૬૩ થી તપાસવામા આવેલા છે કે જે પ્રતાપસિંહ અભેસંગ ના ભત્રીજા થાય છે તેઓ બંને સામે આરોપી કાળુભાઈ ઉર્ફે મણીભાઈ હરીજને ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ હરીજનના ખુનની કબુલાત કરેલી. તે હકીતને તેઓ પણ સમર્થન આપે છે અને આરોપીના કબુલાતના આધારે પ્રતાપસિંહ અભેસંગ તથા ફરીયાદી પોતે તથા તેમના દિકરા ભાઈલાલભાઈ બનાવવાળી જગ્યાએ જઈ જોયેલ તો ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈની લાશ પડેલી હોય છે અને તેના ગળા પર તથા શરીરે ઈજાના નિશાન જણાયેલા તે હકીકતને સમર્થન આપે છે. આ કામને આંક ૦૭ થી મેડીકલ ઓફીસર સોહનલાલ દેવીલાલજી ધકરોલીયાને તપાસવામા આવેલા છે.તેઓએ મરણજનારનુ પી.એમ કરેલ અને તેમની જુબાનીમા તેઓ સ્પષ્ટ જણાવે છે કે મરણજનાર ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ હરીજનનુ મૃત્યુ ગળુ દબાવવાથી શ્વાસોશ્વાસની પ્રક્રિયા બંધ થવાથી મૃત્યુ થયેલ છે અને મરણજનારના વિસેરા એફ.એસ.એલને મોકલવામા આવેલ પરંતુ તેમા કોઈ જેરી પદાર્થ મળી આવેલ નહી.જેથી મરણજનાર ભાનુભાઈ ઉર્ફે ભલો અંબુભાઈ હરીજનનુ આરોપી કાળુભાઈ ઉર્ફે મણીભાઈ હરીજન નાએ ગળુ દબાવવાના કારણે જ મૃત્યુ થયેલ તે હકીકતને સમર્થન આપે છે આરોપી કાળુભાઈ ઉર્ફે મણીભાઈ હરીજને મરણજનારનુ જે રૂમાલ થી ગળુ દબાવી મૃત્યુ નીપજાવેલ તે તપાસ કરનાર અધિકારી દ્વારા કબ્જે લેવામા આવેલ તે મુદ્દામાલ રૂમાલ જોઈને તે હકીકતને સમર્થન આપે છે કે આ રૂમાલ થી ગળુ ઘુટી શકાય અને મૃત્યુ નીપજાવી શકાય.

**(૩૪)** આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૪ ની વ્યાખ્યા તથા નામ.સુપ્રિમ કોર્ટે ફરમાવેલ ઉપરોકત ચુકાદાઓના સિધ્ધાંત વંચાણે લેતા કબુલાત(એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશકશન) સ્વેચ્છીક હોવુ જોઇએ તથા કોઇ પણ જાતની કબુલાત લાલચ, ધમકી કે વચન વિના થયેલ હોવી જોઇએ. આરોપી વિરૂધ્ધના આરોપ વિરૂધ્ધના સંર્દભ મા હોવી જોઇએ. આમ નામ. સુપ્રિમ કોર્ટે એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશકશન (કબુલાતને) નબળો પુરાવો ગણેલ છે. પરંતુ જે તે કબુલાત સ્વેચ્છીક હોય અને તે એવી હકીકત સામે કરવામા આવેલ હોય કે જેથી તે માનવાને કોઇ કારણ ઉત્પન્ન થાય તથા તે કબુલાતને અન્ય પુરાવાથી સમર્થન મળતુ હોય તો તે કબુલાતના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય. હાલના કેસમા આ કામના આરોપીએ મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનને બનાવાવાળી જગ્યાએ રાત્રીના બારેક વાગ્યે લઇ જઇને તેની સાથે જઘડો કરી રૂમાલ થી તેનુ ગળુ ઘુંટી મૃત્યુ નિપજાવેલ છે તેની કબુલાત સવારે તેના માલીક પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા તથાસિધ્ધરાજસિંહ ફતેસંગ  વાઘેલા નાઓ સમક્ષ કરે છે અને જેથી પ્રતાપસિંહ અભેસંગ તેની ચકાસણી કરવા બનાવ સ્થળે જાય છે અને આરોપીની કબુલાતમા સત્યતા જણાતા તરત જ તેઓ મરણજનારના પિતા એટલે કે ફરીયાદી અંબુભાઇ મંગળભાઇ હરીજનને કરે છે અને ફરીયાદી તથા તેનો દિકરો તરત જ બનાવ સ્થળે જાય છે અને ત્યા તેના દિકરાની લાશ પડેલી મળે છે અને જેથી તેઓ તે ગુનાની ફરીયાદ જાહેર કરે છે. તે આંક–૪૪ વાળી ફરીયાદમા સ્વતંત્ર સાહેદ એવા પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા નાઓની સામે આરોપીએ જે કબુલાત કરેલ તે હકીકતને પણ ફરીયાદી ફરીયાદ થી સમર્થન કરે છે અને ઉપરોકત તમામ ઘટનાની કળી એકબીજા સાથે જોડાયેલી છે તેમા કોઇ વિલંબ જણાયેલો નથી તથા આરોપી સાહેદ પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા તથા તેના ભત્રીજા સિધ્ધરાજસિંહ ફતેસંગ  વાઘેલા નાઓને સવારે ઉઠાડી અને ઉપરોકત આરોપીએ ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનનુ રાત્રીના બારેક વાગ્યે બનાવ સ્થળે જઘડો થતા ગળુ દબાવીને મૃત્યુ નિપજાવેલ હોવાની હકીકતને સંપુર્ણ સમર્થન ફરીયાદપક્ષના પુરાવાથી મળે છે અને આમ

આરોપીએ જે કબુલાત તેના માલીક પ્રતાપસિંહ અભેસંગ અભેસંગ વાઘેલા તથા તેના ભત્રીજા સિધ્ધરાજસિંહ ફતેસંગ વાઘેલા સામે કરેલી હોય તેમા કોઇ અતિશયોકતી જણાતી નથી અને કુદરતના ક્રમમા જણાય છે જયારે વ્યકિત આવુ દુશકૃત્ય કરે તો કુદરતી ગભરામણમા તેની જાણ તેના માલીકને કરે તે તદન સ્વાભાવીક છે અને તે સંજોગોમા આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજને સાહેદ નં.૧૭ પ્રતાપસિંહ અભેસંગ વાઘેલા તથા સાહેદ નં.૧૬સિધ્ધરાજસિંહ ફતેસંગ વાઘેલાનાઓ સામે કરેલ કબુલાત સ્પષ્ટ રીતે સ્વેચ્છીક હોવાનુ ફરીયાદપક્ષ પુરવાર કરવામા સફળ થયેલ છે આરોપીની કબુલાત બાદ સાહેદ નં.૧૭ તથા ફરીયાદી પોતે જયારે સાહેદ નં.૧૭ તેમને ઉપરોકત બનાવની જાણ કરે છે ત્યારે તેઓ બંને બનાવ સ્થળની તપાસ કરી અને હકીકતમા સત્યતા જણાતા સાહેદ નં.૧૭ ફરીયાદી સામે તે હકીકત જાહેર કરે છે અને તે જ રીતે ફરીયાદી તે હકીકતને આંક-૪૪ ની ફરીયાદમા જાહેર કરેલી છે અને સાહેદ નં.૧૬ તથા ૧૭ આ અદાલતની મૌખિક જુબાનીમા પણ આંક-૪૪ વાળી ફરીયાદ તથા આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજને મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનનુ ગળુ દબાવી મૃત્યુ નીપજાવેલ તેવી તેમની સામે કરેલ કબુલાતને સંપુર્ણ સમર્થન આપે છે. બચાવપક્ષ સાહેદ નં.૧૬ તથા ૧૭ આરોપી વિરૂધ્ધ ઉપરોકત જુબાની તેની સાથે કોઇ વચમનસ્ય હોય કે અન્ય કોઇ અદાવતના કારણે ફરીયાદીને જણાવેલ હોય કે પોલીસ સમક્ષના નિવેદનમા લખાવેલ હોય કે કોર્ટની જુબાનીમા જણાવેલ હોય તેવુ બચાવપક્ષ તેઓની ઉલટતપાસમા લાવી શકેલ નથી અને આમ જયારે ઉપરોકત સાહેદો ફરીયાદની હકીકતને સમર્થન કરતા હોય ત્યારે અને સાંયોગીક પુરાવા જેવા કે પી.એમ. રીપોર્ટ, એફ.એસ.એલ રીપોર્ટ તથા કબ્જે લીધેલ મુદ્દામાલ ફરીયાદ હકીકતને સમર્થન કરતા હોય ત્યારે ફરીયાદપક્ષનો કેસ શંકા થી પર પુરવાર થતો હોય મુદ્દા નં.૦૧ પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ થયેલ છે જેથી **મુદ્દા નં.૦૧ નો જવાબ હકારમા** ઠરાવુ છુ.

**(૩૫)** સાથે સાથે બચાવપક્ષે આરોપીની કબુલાત સ્વેચ્છીક નથી તથા બનાવ આરોપી તથા મરણજનાર વચ્ચે જઘડો થતા એકદમ આવેશમા આવી

જઇ અને ગુનાને અંજામ આપેલ હોય જેથી ઇ.પી.કો કલમ–૩૦૨ નહી પરંતુ ૩૦૪ મા પડે અને આ રીતે આરોપી સામે ઇ.પી.કો કલમ–૩૦૪ ના ગુન્હો જે અદાલત આરોપીએ ગુનો કરેલાનુ માને તો તે કલમના આધારે સજા કરવી જોઇએ તેવુ જણાવે છે. પરંતુ આરોપીની કબુલાત સ્વેચ્છીક છે અને કોઇ પણ જાતના પ્રલોભન વગર કુદરતી રીતે તેના માલીક સામે કરવામા આવેલ છે.તેવુ લંબાણપુર્વકની ચર્ચાના અંતે આ અદાલતે માનેલુ છે. જેથી આરોપી તરફે લેવામા આવેલ ઉપરોકત બચાવ માનવા પાત્ર નથી ત્યારબાદ આરોપી તરફે એકાએક ઉશ્કેરણીમા આ બનાવ બનેલો તેવી જે હકીકતનો બચાવ લેવામા આવેલ છે તે પણ માનવા પાત્ર નથી કારણ કે તેવી કોઇ હકીકત રેકર્ડ પર બચાવપક્ષ લાવવામા સફળ થયેલ નથી જેથી તે બચાવ પણ માનવા યોગ્ય નથી. આ કામના આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજને મરણજનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ હરીજનનુ ઠંડા કલેજે હાથ રૂમાલ થી ગળુ ઘુંટી મૃત્યુ નીપજાવેલાનુ તેની કબુલાતના આધારે તથા સ્વતંત્ર સાહેદોની જુબાની તથા સાંયોગીક પુરાવાના આધારે પુરવાર થયેલ છે.

**(૩૬)** આમ ફરીયાદપક્ષે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનુ જીણવટપુર્વક ચર્ચાના અંતે આરોપી કાળુભાઇ ઉર્ફે મણીભાઇ હરીજન સામેનુ આંક–૦૪નુ તહોમતનામુ કે આરોપીએ તા. ૧૨/૦૬/૨૦૨૧ ના રોજ રાતના બારેક વાગ્યાના સુમારે મોજે જગદિશભાઈ બાબુભાઈ સોલંકી, રહે.આદરૂજ નાઓના સીમ સરવે નં.૧૮૪ વાળા ખેતરના શેઢા ઉપર આવેલ આંબાના ઝાય નીચે આરોપી તથા મરણ જનાર ભાનુભાઇ ઉર્ફે ભલો અંબુભાઇ ઉર્ફે ભલો અંબુભાઈ મંગળભાઈ હરીજન નાઓ બેઠેલ તે વખતે તમો આરોપીએ મરણ જનારને પોતાની બહેન ગૌરીબેન સળગીને મરી ગયેલ તે બાબતે મેણા ટોણા મારવા બાબતે તમો આરોપી તથા મરણ જનાર વચ્ચે ઝઘડો થતાં આરોપી એકદમ ગુસ્સે થઈ મરણ જનારને પકડીને નીચે ઉધો પાડી દઈ ઉપર બેસી જઈ પોતાની પાસેના હાથ રૂમાલથી મરણ જનારના ગળે જોરથી ટુંપો આપી મોત નીપજાવીને ઈ.પી.કો.કલમ–૩૦૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે તે પુરવાર કરવામા ફરીયાદપક્ષ સફળ થયેલ છે. જેથી આ કામના આરોપીને

ઈ.પી.કો કલમ–૩૦૨ ના ગુન્હામા તકસીરવાન ઠરાવવામા આવે છે અને સજાના મુદ્દા સાંભળવા માટે મુલ્તવી.

**(પી.એચ.શર્મા)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
ખંભાત.
**GJ-00701**

**(૩૭)** આ કામના આરોપીને ઇ.પી.કો કલમ–૩૦૨ મા સજાના મુદ્દે સાંભળવા માટે રાખેલ આરોપી તથા તેમના વિ.વકીલશ્રી એસ.એ.શેખ હાજર છે આરોપીના વિ.વકીલશ્રી તેમની મૌખિક દલીલ મા એવુ જણાવે છે કે, આરોપી કુટુંબ કબીલાવાળો છે, યુવાન છે તથા મજુર વર્ગના છે જેથી તેમની સામાજીક તથા આર્થીક જવાબદારી ધ્યાને લઇ અને સજાના મુદ્દે દયા કરવા વિનંતી કરે છે આ કામે ફરીયાદપક્ષે એપીપીશ્રી જે.એસ.ગઢવીએ સજાના મુદ્દે તેમની મૌખિક દલીલમા એવુ જણાવેલ છે કે જયારે આ અદાલત ઇ.પી.કો કલમ–૩૦૨ મા ખુન એટલે કે મર્ડર સાબીતી માંગતી હોય ત્યારે તેને કાયદાના પ્રોવીજનો મુજબ મહતમ સજા કરવી જોઇએ.

**(૩૮)** આમ બંને પક્ષકારોની મૌખિક દલીલ સાંભળી તથા આરોપી તરફે તેના સામાજીક અને આર્થીક સંજોગોને ધ્યાને લીધા આરોપી સામે ઇ.પી.કો કલમ–૩૦૨ ખુનનો ગુનો આ અદાલતે પુરવાર માનેલ છે.ઇ.પી.કો કલમ–૩૦૨ મા સજાની જોગવાઇ આજીવન કેદ અથવા મૃત્યુ દંડની છે તથા દંડની જોગવાઇ છે. પરંતુ આ કેસ રેરેસ્ટ ઓફ રેર કેસ મા પડતો ન હોય જેથી આ અદાલત આરોપીને મૃત્યુ દંડની સજાની તરફેણમા નથી અને જેથી આ કામના આરોપીને ઇ.પી.કો કલમ–૩૦૨ મા આજીવન કેદની સજા કરવાનુ વાજબી,ન્યાયી તથા ઉચિત જણાય છે તથા ફરીયાદીને વળતર આપવાનુ વાજબી અને ઉચિત સમજે છે જેથી મુદ્દા નં.૦૨ અન્વયે નીચે મુજબ હુકમ કરુ છુ.

## :: હુ ક મ ::

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી **કાળુભાઈ ઉર્ફે રાજુ મણીભાઈ હરીજન,** રહે. હાલ આદરૂજ પ્રતાપસંગ અભેસંગ વાઘેલાના ખેતરમા આવેલ ઓરડીમાં,મુળ. પરીઅજ ભાથીજી મંદિર સામે,તા. માતર, જી.ખેડા નાઓને **તારાપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૧૨૧૫૦૨૯૨૧૦૨૨૫,/૨૦૨૧**

**થી ઈ.પી.કો. કલમ – ૩૦૨** મુજબના ગુનામાં **આજીવન કેદની** સજા ફરમાવવામા આવે છે.

૨. આરોપી **કાળુભાઈ ઉર્ફે રાજુ મણીભાઈ હરીજન** નાઓને ઈ.પી.કો. કલમ–૩૦૨ તે ગુન્હા સબબ આજીવન કેદની સજા તથા રૂા.૧,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ પુરા) દંડ કરવામા આવે છે અને દંડ ન ભરે તો વધુ ૧ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

૩. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ મુજબ આરોપીએ ઉપરોકત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

૪. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

૫. આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામા આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૬. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭ ની જોગવાઇ અન્વયે આરોપીઓ પાસેથી જે દંડની રકમ વસુલવામાં આવે તેમાંથી રૂા.૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામા આવે છે.

૭. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ ની જોગવાઇ અન્વયે આરોપીઓને આ ચુકાદાની સર્ટીફાઇડ નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

૮. આ કામના આરોપીઓને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવા તથા ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીઓના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવુ.

૯. આ ચુકાદની એક નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૫ મુજબ ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ,આણંદને મોકલવી.

આ હુકમ આજ રોજ તારીખ–**૧૮,** માહે–**ઓગસ્ટ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી**,** સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(પી.એચ.શર્મા)**

તારીખ :– ૧૮/૦૮/૨૦૨૬

બીજા એડીશનલ સેશન્સ જજ**,**
ખંભાત.

સ્ટેનો. જે.એ.સોજીત્રા

**GJ-00701**